# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૯ * મે, ૨૦૨૨



૧૩૩ મો
જન્મ
મહોત્સવ

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● પોતાના આત્માના ઉદ્ધારની ચિંતા કરવી તે ઉત્તમ ચિંતા છે, શુભરાગના વશે બીજા જીવોનું ભલું કરવાની ચિંતા કરવી તે મધ્યમ ચિંતા છે, કામભોગની ચિંતા કરવી તે અધમ ચિંતા છે અને બીજાનું અહિત કરવાનો વિચાર કરવો તે અધમથી અધમ ચિંતા છે. ૧૯૩૭. (પરમાનંદ સ્તોત્ર)

● આ જીવ ભોગોના નિમિત્તે તો બહુ અલ્પ પાપ કરે છે પરંતુ તંદુલમત્સ્યની જેમ પ્રયોજન વિના જ પોતાના દુર્વિચારોથી ઘોર પાપ કરે છે. ૧૯૩૮. (શ્રી જયસેનાચાર્ય)

● મિથ્યાદષ્ટિઓને તે શુદ્ધ સામાન્યરૂપ સત્ અનુભવમાં આવતું નથી કે જે પોતાની સર્વ વિશેષ અવસ્થાઓમાં પણ અનુપમરૂપથી વિદ્યમાન રહે છે, કારણ કે દષ્ટિમાં જ દર્શનમોહરૂપ દોષ હોવાથી તે મિથ્યાદષ્ટિઓને જ્ઞાનચેતના હોતી નથી. ૧૯૩૯.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૨૨)

● પ્રથમ જ સર્વસિદ્ધાંતનું મૂળ એ છે કે વસ્તુના કારણ-કાર્ય જાણવા, જેટલા સંસારથી પાર થયા છે તે સર્વે પરમાત્માનાં કારણ-કાર્ય જાણી જાણીને થયા છે. ત્રણે કાળે જે પરમાત્માને ધ્યાવવાથી મુક્ત થયા તેના (—તે પરમાત્માના) કારણકાર્ય જો ન જાણ્યા તો તેણે શું જાણ્યું ? (કાંઈ જાણ્યું નથી.) માટે કારણ-કાર્ય જાણવા જોઈએ. ૧૯૪૦. (શ્રી દીપચંદજી. ચિદ્વિલાસ, પાનું-૩૫)

● ચિંતામણિરત્ન ચિંતિત પદાર્થોનું અને કલ્પવૃક્ષ કલ્પેલા પદાર્થોનું પ્રદાન કરે છે; પરંતુ શુદ્ધ આત્માના ધ્યાનથી અચિંતિત અને અસંકલ્પિત પદાર્થની પ્રાપ્તિ થાય છે. ૧૯૪૧. (શ્રી અમિતગતિ આચાર્ય)

● જ્ઞાનદર્શન સ્વભાવસે શોભાયમાન તથા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મકે સમુદાયકો દૂર રખનેવાલે આત્માકો છોડકર કોઈ ભી અન્ય ભાવ મેરા નહીં હૈ ઔર ન મૈં કિસી અન્યકા હૂઁ ઐસી બુદ્ધિ આત્મસ્વરૂપકી મર્યાદાકો જાનનેવાલે જિસ કિસીકે ચિત્તમેં નિત્ય રહા કરતી હૈં ઉસ મહાત્માકે કર્મોકા બંધ નહીં હોતા, યોં તો તીનોં લોકકે સંસારી પ્રાણી સંસારકે બંધનોંસે જકડે હુએ હૈં. ૧૯૪૨.

(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૧)

વર્ષ–૧૬
અંક–૯




વિ. સંવત
૨૦૭૮
May
A.D. 2022

**પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૩૩મા મહામંગલકારી જન્મોત્સવ પ્રસંગે**

## પ્રવચનસાગરમાંથી વીણેલા પુષ્પોની મંગળમાળા

સ્વભાવની શ્રદ્ધારૂપી બીજ ઊગી તે કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થયે છૂટકો.—એ મહા મંગળ છે. ૧.

અરે, આ જીવન પૂરું થઈને ભવ પલટવાના ટાણાં આવ્યા છતાં જીવ પોતાના સ્વરૂપની સંભાળ કેમ કરતો નથી? ૨.

અરે જીવ! અનેકવિધ વિપરીત કલ્પના કરીને તારા આત્માને જ તું ભૂલ્યો. આત્મા નથી—અર્થાત્ હું નથી એમ કહેનાર પોતે જ અસ્તિરૂપ છે.—છતાં આશ્ચર્ય છે કે પોતે પોતાના અસ્તિત્વની ના પાડે છે! ૩.

ઈન્દ્રો સ્વર્ગમાંથી ઊતરીને મનુષ્યલોકમાં તીર્થંકર વગેરે પાસે જે ધર્મની વાત સાંભળવા આવે છે તે ધર્મ કેવો મહિમાવંત હશે!! શું શુભરાગની ને પુણ્યની જ વાત સાંભળવા ઈન્દ્રો સ્વર્ગમાંથી આવતા હશે? ૪.

શુદ્ધઆત્માના જ્ઞાનથી સુખ છે; શુદ્ધઆત્માના જ્ઞાન વગર અન્યને જાણતાં સુખ નથી. એકલી અશુદ્ધતાને જાણ્યા કરે તેથી સુખ નથી. શુદ્ધાત્માને જાણતાં સુખ છે માટે શુદ્ધઆત્મા જ સારરૂપ છે. ૫.

'આત્માના સ્વભાવની સમીપતા' કહેતાં તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયા; તે અનુભવને જ આત્મા કહ્યો. (આત્મા તે દ્રવ્ય; સ્વભાવ તેના ગુણો; ને તેની સમીપતા તે નિર્મળ પર્યાય.) આવા આત્મઅનુભવને જિનશાસન કહ્યું છે. ૬.

શુભ—અશુભભાવો તો આત્માની શુદ્ધતાને હણીને ઉત્પન્ન થાય છે; શુધ્ધપર્યાયરૂપ આનંદદશાનો ઘાત થયો ત્યારે શુભ—અશુભ રાગની ઉત્પત્તિ થઈ;—તો શુદ્ધતાના ઘાતક તે ભાવને આત્માનો સ્વભાવ કેમ મનાય? ૭.

જેમ બરફની પાટમાં સર્વત્ર ઠંડક જ ભરી છે, તેમ શુદ્ધનયવડે ચૈતન્યસ્વરૂપ આત્માને અનુભવતાં તેમાં સર્વત્ર અતીન્દ્રિય શાંતિ જ ઠાંસીઠાંસીને ભરેલી છે, આકુળતાનો અંશ પણ એમાં નથી. ૮.

પાણીનો સંયોગ હોવા છતાં જેમ કમળપત્રના અલિપ્ત સ્વભાવને પાણી અડ્યું નથી; તેમ કર્મનો સંબંધ હોવા છતાં અસ્પર્શી–ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈને અનુભવ કરતાં આત્મા કર્મસંબંધ વગરનો અનુભવાય છે. ૯.

જેમ પર્યાયમાં અશુદ્ધતા અનાદિથી છે તેમ શુદ્ધસ્વભાવ પણ અનાદિથી છે, પણ શુદ્ધને ભૂલીને એકલા અશુદ્ધપણે જ પોતાને અનુભવે છે–એ અશુદ્ધઅનુભવનું નામ જ સંસાર છે, તે દુઃખ છે. ૧૦.

'આત્મા' તેને કહ્યો કે જેના અનુભવથી પરમ આનંદ થાય છે. રાગાદિના અનુભવમાં આનંદ નથી, તેથી તે ખરેખર આત્મા નથી. ૧૧.

અરે, ચારગતિમાં અવતાર ધારણ કરી કરીને ભટકવું તે તો ભગવાન આત્માને કલંક છે; તે કલંક મટાડવું હોય ને ચાર ગતિથી છૂટીને સિદ્ધપદ પામવું હોય તો તારા આત્મસ્વભાવની સન્મુખ થઈને શુદ્ધપણે તેનો અનુભવ કર.–એવો અનુભવ તે મોક્ષનો ઉપાય છે. ૧૨.

સ્વભાવથી દૂર તે દુર્ગતિઃ સ્વભાવની સમીપતા–એકતા તે સુગતિ (મોક્ષ). સ્વદ્રવ્યના આશ્રયે સુગતિ ને પરદ્રવ્યના આશ્રયે ચારગતિરૂપ દુર્ગતિ. ૧૩.

પર્યાયમાં અશુદ્ધતા અને કર્મસંયોગ દેખાય છે–છતાં તેના વગરનો આત્મા અનુભવી શકાય છે;–કેમકે તે ભાવો આત્માનો ભૂતાર્થસ્વભાવ નથી, પણ અભૂતાર્થ છે, આત્માના સ્વભાવની અનુભૂતિથી તે બહાર છે. ૧૪.

ભાઈ, આત્માની શ્રદ્ધા અને અનુભવ કરવામાં જગતની કોઈ પ્રતિકૂળતા, નિર્ધનતા કે મોંઘવારી નડતી નથી, અને બહારની અનુકૂળતા તેમાં મદદ પણ કરતી નથી. ૧૫.

અરે, પોતાની પર્યાયને પરાધીન મનાવે, કર્મને લીધે મનાવે તે તો કર્મ સામે જ જોયા કરે, તે જ્ઞાનસ્વભાવ સામે ક્યારે જુએ ? ૧૬.

આત્માના પોતાના સ્વદ્રવ્ય–સ્વક્ષેત્ર–સ્વકાળ ને સ્વભાવનું મનન કરતાં તેમાંથી અલૌકિક રહસ્ય નીકળે છે. ૧૭.

તારો આત્મા પોતે ભગવાન છે, પોતે અનંત આનંદનો નિધાન છે, તેની સમીપ જા...તો તને આનંદના નિધાન મળે. ૧૮.

અરે ભાઈ ! તારું જે સ્વરૂપ સંતો કહે છે તે વિચારીને એકવાર હા તો પાડ ! પોતાનું સ્વરૂપ પોતે યથાર્થ વિચારમાં પણ કદી લીધું નથી. ૧૯.

ભાઈ, પરના સંબંધવાળો અશુદ્ધઆત્મા જ તેં અનાદિથી અનુભવ્યો; પણ હવે શુદ્ધનય વડે સ્વભાવની સમીપ આવીને શુદ્ધપણે આત્માને અનુભવમાં લે. ૨૦.

અત્યારે જ સ્વભાવદૃષ્ટિથી જોતાં આત્મા 'ભગવાન' છે. અનંત જ્ઞાનરૂપ ભગવાનપણું જો અત્યારે જ આત્મામાં ન હોય તો તે ક્યાંથી આવશે ? ૨૧.

અરે, આત્માના શુદ્ધસ્વરૂપને જાણ્યા વગર અજ્ઞાની જીવો બીજી અનેક રાગક્રિયા વડે લાભ માની માનીને ચારગતિમાં ટળવળે છે, પણ શુદ્ધફળને પામતા નથી. ૨૨.

અહો ! આવા શુદ્ધ સ્વતત્ત્વના અનુભવની રીત બતાવીને સંતોએ પરમ ઉપકાર કર્યો છે....તેમાં આત્માની દરકાર કરીને અંદર લક્ષ કરવા જેવું છે. ૨૩.

દ્રવ્ય શું, પર્યાય શું ? શુદ્ધ શું, અશુદ્ધ શું ? એમ બંને પડખાંને જાણીને જેના અનુભવથી આત્માને આનંદ થાય તેનો આદર કરવો. ૨૪.

આત્માનો સ્વભાવ સમીપ (તન્મયરૂપ) હોવા છતાં રાગમાં એકતાબુદ્ધિને લીધે અજ્ઞાનીને તે દૂર લાગે છે. અરે ! પોતાનો સ્વભાવ પોતાથી દૂર !—એ તે કેવી રમત ?—(દૂર કાં પ્રભુ દોડ તું ! મારે રમત રમવી નથી....) ૨૫.

આત્માનું જ્ઞાન તો શાંત—અનાકુળ આનંદથી ભરેલું છે; ને રાગાદિભાવો દુઃખરૂપ આકુળતાવાળા છે.—એમ બંનેની ભિન્નતા ઓળખીને, રાગથી જુદા જ્ઞાનભાવપણે આત્માને અનુભવવો—તે ધર્મ છે. ૨૬.

પર્યાય પરને લીધે નહિ ને એકલી પર્યાય જેટલો આખો આત્મા નહિ, આત્મા તો અખંડ સ્વભાવથી પરિપૂર્ણ છે.—એને શુદ્ધનય દેખે છે. ૨૭.

અનંતા જીવો આવો આત્મઅનુભવ કરીકરીને સિદ્ધપદ પામ્યા છે, ને તારામાં પણ એવો અનુભવ કરવાની તાકાત છે, તેથી તેનો ઉપદેશ શ્રીગુરુએ આપ્યો છે. ૨૮.

રે જીવ ! દેહ અને રાગની સમીપતા વડે જે અનુભવ થાય તે તું નથી; પણ તેનાથી દૂર (એટલે કે ભિન્ન) થઈને, અને શુદ્ધસ્વભાવની સમીપ (એટલે કે એકત્વરૂપ) થઈને જે અનુભવ થયો તે તું છો. ૨૯.

❀ ❊ ❀



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ચૈતન્યરસથી ભરેલી અનુભૂતિનો ગંભીર મહિમા

(સમયસાર કળશ ૯૩-૯૪ ઉપરનાં પ્રવચનમાંથી)

અરે ભાઈ, તારા શુદ્ધાત્મા તરફનો વિકલ્પ પણ તને સમ્યગ્દર્શન આપે તેમ નથી, ત્યાં બહારમાં બીજું કોણ આપશે? તારો વિજ્ઞાનઘન આત્મા ચૈતન્યરસથી ભરપૂર છે, તેનો રસિલો થઈને તેનો સ્વાદ લે.... એ જ સમ્યગ્દર્શન છે. બીજી કોઈ સમ્યગ્દર્શનની રીત નથી.

શરીર કે પૈસા તો દૂર રહ્યા. તે તો આત્માનાં છે જ નહિ, તેનું કર્તાપણું પણ આત્મામાં નથી; ને અંદર 'હું શુદ્ધ જ્ઞાન છું' ઈત્યાદિ જે રાગરૂપ વિકલ્પ છે તે વિકલ્પ પણ ચૈતન્યના રસથી બહાર છે, તે વિકલ્પને જે પોતાનાં કાર્યપણે કરે છે તે જીવ ચૈતન્યસ્વરૂપથી ભ્રષ્ટ છે—અજ્ઞાની છે. તે વિકલ્પથી પણ જ્ઞાનને પાછું વાળીને, જ્ઞાન પ્રવાહને અંદર વાળીને ધર્મી જીવ પોતાને એક ચૈતન્યસ્વરૂપે જ અનુભવે છે. ધર્મી જીવો ચૈતન્યરસના જ રસિલા છે; બીજા બધાનો રસ તેમને છૂટી ગયો છે, રાગનો રસ છૂટી ગયો છે. આવા ચૈતન્યવીતરાગરસપણે આત્મા અનુભવાય છે—તે સત્ છે, તે કાંઈ કલ્પના નથી, વિકલ્પ નથી પણ એવો સાક્ષાત્ અનુભવ ધર્મીને વર્તે છે. ધર્મીને પોતાના જ્ઞાનમાં થોડોક ચૈતન્યરસ અનુભવાય અને થોડોક રાગનો રસ અનુભવાય એમ બે રસનો અનુભવ નથી. પણ એકલા એક વિજ્ઞાનઘન ચૈતન્યરસપણે જ તેને પોતાનો આત્મા અનુભવાય છે, તેમાં બીજાનો અનુભવ નથી; રાગનો અનુભવ જ્ઞાનમાં નથી, જ્ઞાનથી બહાર છે. એટલે જ્ઞાનીને એક વિજ્ઞાનરસપણે જ આત્મા અનુભવાય છે, ત્યારે અજ્ઞાનીને એકલા રાગરસપણે જ આત્મા અનુભવાય છે, રાગ વગરના ચૈતન્યરસની તેને ખબર નથી.

અહો, રાગથી ભિન્ન ચૈતન્યરસના અતીન્દ્રિય આનંદનો સ્વાદ જ્યાં ચાખ્યો ત્યાં

નીરોપમ ગતપંક, નીરીહત નિર્ગતશંક;
નિત્ય નિરામય ભૌન, નીરન્ધ્ર નિરાકુલ ગૌન. ૮૬

કવિવર પં. બનારસીદાસજી કૃત
**શ્રી જિનસહસ્રનામ સ્તોત્ર**

ધર્મીની પરિણતિ બીજે બધેથી પાછી વળીને અંતરમાં ચૈતન્યરસ તરફ જ ઢળી, ચૈતન્યરસ તરફ જ ખેંચાઈને પોતાના ચૈતન્યસ્વભાવમાં જ તે મગ્ન થઈ. અહા, ચૈતન્યરસ ચાખ્યો તે રાગના આકુળરસનો સ્વાદ લેવા કેમ જાય? તે રાગને ધર્મ કેમ માને? વીતરાગ ભગવાનનો માર્ગ તો આવો છે. શુભરાગથી મળી જાય—એવો કાંઈ વીતરાગદેવનો માર્ગ નથી. બાપુ ! વીતરાગના મારગડા જગતથી ને રાગથી જુદા છે, એ તો અંતરમાં સમાય છે.

અહા, આવો વીતરાગીમાર્ગ બતાવનાર, આત્માનું સ્વરૂપ બતાવનાર એવા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રો પ્રત્યે મુમુક્ષુજીવને પરમ બહુમાન અને ભક્તિનો ભાવ આવે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા તે કાંઈ મિથ્યાત્વ નથી; દેવ-ગુરુ તરફનો ભાવ તે તો શુભરાગ છે; પુણ્યબંધનું કારણ છે, તે કાંઈ મિથ્યાત્વ નથી, પણ દેવ-ગુરુ તરફના તે શુભરાગને ધર્મ માનવો કે તેને મોક્ષનું ખરું કારણ માનવું—એવી ઊંધી માન્યતા મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના બહુમાનનો શુભરાગ તો ધર્મી—સમ્યગ્દષ્ટિને પણ હોય છે; પણ ધર્મી પોતાના જ્ઞાનને રાગથી જુદું જ અનુભવે છે, તેથી તેને મિથ્યાત્વ નથી. અજ્ઞાની શુભરાગનો કર્તા થઈને તેને જ પોતાનું કાર્ય માને છે ને તેનાથી જુદા જ્ઞાનને ભૂલી જાય છે તેથી તેને મિથ્યાત્વ છે. શુભરાગ પોતે મિથ્યાત્વ નથી, પણ રાગ અને જ્ઞાનની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે.

ભાઈ, રાગ કાંઈ તારા જ્ઞાનાદિનું કારણ થાય નહિ. રાગ કાંઈ સ્વભાવની વસ્તુ નથી, તેનું કર્તૃત્વ આત્માના જ્ઞાનસ્વભાવમાં નથી. વિકલ્પ તે અજ્ઞાનીનું કાર્ય છે, જ્ઞાનીને વિકલ્પ તે જ્ઞેયપણે છે, જ્ઞાનના કાર્યપણે નહિ. માટે કહ્યું કે વિકલ્પનો કરનાર અજ્ઞાની છે. જ્ઞાની તો જ્ઞાનસ્વભાવનો જ કરનાર છે, તે વિકલ્પનો જુદાપણે જાણનાર છે, કરનાર નથી. જ્ઞાનસ્વભાવની અનુભૂતિ વડે આવી અપૂર્વ જ્ઞાનદશા પ્રગટે છે. અને ત્યારે તે જીવ વિકલ્પોનો અકર્તા થઈને, જ્ઞાનભાવપણે મોક્ષમાર્ગમાં શોભે છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચન)

છોડી દઈને—લક્ષ છોડી દઈને શુદ્ધ, ચૈતન્યઘન, અનાકુળ આનંદસ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે એવા ધર્મી જીવને પોતાથી પોતાનું વેદન થાય છે. પોતે જ જ્ઞાતા થઈને પોતાને જ્ઞેય બનાવે ત્યારે જ્ઞાન થાય છે. આત્મા પોતે જ પોતાથી જણાવા લાયક છે. જાણનારો પણ આત્મા અને જણાવા યોગ્ય પણ આત્મા પોતે છે માટે આત્મા પ્રમાણ સિદ્ધ છે.

(ક્રમશઃ) ❋

**પરમ-ધર્મરથસારથી, ધૃત કેવલરૂપ કૃતારથી;**
**પરમ વિત્ત ભંડાર, સંવરમય સંયમધાર. ૮૭**



# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૪૦)

હવે ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ આ ગાથા ઉપર ત્રણ કલશ મૂકે છે; તેમાં પ્રથમ, ભગવાન શ્રી અમૃતચંદ્રસૂરિએ સમયસારમાં કહેલો એક કલશ કહીને શુદ્ધાત્માનો અનુભવ કરવાની પ્રેરણા કરે છે—

(માલિની)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समंतात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्॥११॥

બદ્ધ-સ્પૃષ્ટ આદિ વિકારભાવો પ્રગટપણે આત્મસ્વભાવની ઉપર ને ઉપર તરે છે પરંતુ અંદર પ્રતિષ્ઠા પામતા નથી—પ્રવેશ કરતા નથી; આત્મસ્વભાવ સર્વ તરફથી પ્રકાશમાન છે. સર્વે અવસ્થાઓમાં શુદ્ધસ્વભાવ પ્રકાશમાન છે. શ્રી આચાર્યભગવાન કહે છે કે હે ભવ્ય જીવો ! જગતના મોહને છોડીને તમે સમ્યકસ્વભાવરૂપ આ શુદ્ધાત્માનો અનુભવ કરો.

કમળ જેમ પાણીથી અલિપ્ત રહે છે તેમ ચૈતન્યસ્વભાવ વિકારથી અને કર્મોથી અલિપ્ત છે, વિકાર કે કર્મો સાથે તે એકમેક થઈ ગયો નથી. અને જેમ તેલ પાણીમાં ઉપર ને ઉપર તરે છે, પણ અંદર પ્રવેશતું નથી, તેમ વિકારભાવો ને કર્મો ચૈતન્યસ્વભાવની બહાર ઉપર ને ઉપર તરે છે, પણ સ્વભાવમાં તેઓ પ્રવેશી જતા નથી. વિકાર તો બીજી જ ક્ષણે નષ્ટ થઈ જાય છે ને સ્વભાવ તો એમ ને એમ રહે છે. 'વિકારભાવો ઉપર તરે છે' એમ કહ્યું એટલે કે પર્યાયમાં વિકારભાવો થાય છે ખરા, એકાંતપણે પર્યાયમાં પણ વિકારભાવો થતા જ નથી—એવું નથી, પર્યાયમાં તો થાય છે પરંતુ દ્રવ્યસ્વભાવમાં તે નથી, દ્રવ્યસ્વભાવ વિકારમય થઈ જતો નથી; માટે કહ્યું કે વિકારીભાવો ઉપર તરે છે પણ સ્વભાવમાં પ્રવેશ પામતા નથી.

શુભી સરવગત સંત, શુદ્ધોધન શુદ્ધ સિદ્ધંત,
નૈયાયક નયજાન, અવિગત અનંત અભિધાન. ૮૮

પર્યાયમાં વિકાર થાય છે, તે વખતે જ ત્રિકાળી શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી આત્મા વિકારરહિત છે, તેથી સ્વભાવ જ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. અજ્ઞાની જીવ વિકારને જ પ્રગટપણે દેખે છે પણ સ્વભાવને દેખતો નથી, જ્ઞાનીઓ વિકારરહિત સ્વભાવને જ સદાય પ્રકાશમાન દેખે છે, સ્વભાવમાં કદી વિકારને દેખતા જ નથી. ચૈતન્ય ભગવાન આત્મા અસ્પર્શી—અરૂપી છે ને જડ કર્મો તો સ્પર્શવાળાં—રૂપી છે, આત્મા કદી કર્મોને અડ્યો જ નથી ને કર્મો કદી આત્માને અડ્યા નથી. રાગ-દ્વેષાદિ ભાવો આત્મામાં પ્રતિષ્ઠા પામતા નથી એટલે કે તે રાગાદિભાવો આત્મસ્વભાવના આધારે થતા નથી, તે વિકારી ભાવોને ધ્રુવ અવિનાશી આત્મસ્વભાવનો આધાર મળતો નથી. આત્મસ્વભાવના આધારે તો સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

જેણે ત્રિકાળી આત્મસ્વભાવની શ્રદ્ધા કરી તેને સ્વભાવના આશ્રયે નિર્મળતાની જ ઉત્પત્તિ થાય છે, સ્વભાવના આધારે વિકારની ઉત્પત્તિ થતી નથી. જેણે વર્તમાનપર્યાય જેટલો જ આત્માને માન્યો તે જીવ મિથ્યાદૃષ્ટિ—અજ્ઞાની છે, તેના અજ્ઞાનભાવના આધારે જ રાગ-દ્વેષાદિ વિકારની ઉત્પત્તિ થાય છે; રાગ-દ્વેષાદિનો આધાર ખરેખર અજ્ઞાનભાવ જ છે. ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા થતાં અજ્ઞાન ટળી ગયું તેથી હવે જ્ઞાની-ધર્માત્માને ખરેખર રાગાદિની ઉત્પત્તિ થતી નથી પણ ત્રિકાળી સ્વભાવના આધારે શુદ્ધભાવની જ ઉત્પત્તિ થાય છે. 'હું રાગ-દ્વેષવાળો છું અને હું કર્મને આધીન છું' એવી ઊંધી દૃષ્ટિના આધારે જ રાગ-દ્વેષ અને કર્મની ઉત્પત્તિ છે. અને રાગ-દ્વેષ તથા કર્મના સંયોગ રહિત હું ત્રિકાળ મારા સ્વભાવથી પૂર્ણ છું—એવી સમ્યકદૃષ્ટિના આધારે કેવળજ્ઞાન અને મોક્ષદશાની ઉત્પત્તિ થાય છે. માટે શ્રી આચાર્યભગવાન પ્રેરણા કરે છે કે હે જગતના જીવો! તમે સંપૂર્ણ મોહરહિત થઈને શુદ્ધાત્મસ્વભાવનો અનુભવ કરો.

સર્વજ્ઞ ભગવાનના દિવ્યધ્વનિનો આ નિચોડ છે. આ સમજ્યા વગર જગતના જીવો અનાદિકાળથી સંસારમાં રખડે છે ને અનંત દુઃખ ભોગવે છે. એક પણ શબ્દ નકામો—ભાવ સમજ્યા વગરનો—જવો ન જોઈએ, એકેક શબ્દની પાછળ મહાન વાચ્ય છે. આચાર્યભગવાન કહે છે કે હે ભવ્ય જીવો! આ ભગવાન શુદ્ધ આત્મા સર્વ તરફથી પ્રકાશમાન છે, તેને જ તમે અનુભવો, પણ વિકારીભાવોને આત્માપણે ન અનુભવવો. આત્મા રાગ-દ્વેષાદિને અને કર્મોને જાણનારો છે પણ તેને કરનારો નથી. આત્મસ્વભાવને રાગ-દ્વેષાદિનો કર્તા માનવો તે અજ્ઞાનભાવ છે. આત્મસ્વભાવ તો રાગ-દ્વેષાદિ ભાવોથી છૂટો ને છૂટો સદાય ચૈતન્યસ્વરૂપે

કર્મનિર્જરામૂલ, અઘભંજન સુખદ અમૂલ,
અદ્‌ભુત રૂપ અશેષ, અવગમનિધિ અવગમભેષ. ૮૯

પ્રકાશમાન છે; એ જ આત્માનો સાચો સ્વભાવ છે. માટે હે ભવ્ય જીવ! તું તારા આવા નિર્મળ ચૈતન્યસ્વભાવને અનુસરીને તેવો થા, તે તારું કર્તવ્ય છે. તારા પરમશુદ્ધ આત્મસ્વભાવ સિવાય બીજું કાંઈ તારે ઉપાદેય નથી.

શુદ્ધ આત્મા જ સર્વ પ્રકારે ઉપાદેય છે તેથી હું તેને જ અનુભવું છું—એમ હવે બીજા કલશદ્વારા કહે છે—

(અનુષ્ટુપ્)

**नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम्।**
**विपदामिदमेवोच्चैरपदं चेतये पदम्॥**

શ્રી ટીકાકાર કહે છે કે, જે નિત્ય શુદ્ધ ચિદાનંદમય સંપદાની ખાણ છે અને વિપદાઓનું અપદ છે એવા આ પરમ ચૈતન્યપદને હું ઉત્કૃષ્ટપણે અનુભવું છું—ચેતું છું.

પહેલાં કહ્યું કે આત્મામાં પ્રકૃતિબંધ વગેરે નથી; તો આત્મા કેવો છે? તે હવે કહે છે. આત્મા સદાય શુદ્ધ જ્ઞાન અને આનંદથી ભરેલો છે; આત્માનો સ્વભાવ પુણ્ય-પાપ ઉપજવાની ખાણ નથી પણ નિર્મળ જ્ઞાન-આનંદરૂપી ૠદ્ધિની ખાણ છે. આત્મામાં વિકાર કે કર્મો નથી એમ પહેલાં નાસ્તિથી વાત કરીને હવે અસ્તિથી વાત કરે છે કે આત્મા શુદ્ધ ચિદાનંદ સંપદાનો કાયમી ભંડાર છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવ કહે છે કે હું આવા શુદ્ધ આત્માને જ અતિશયપણે ચેતું છું—અનુભવું છું. શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ કરવો તે જ ઉત્તમ પુરુષોની ક્રિયા છે.

કેવળજ્ઞાન પ્રગટે ત્યારે આત્મામાં ચિદાનંદ પ્રગટે એની વાત નથી, પણ આત્મા તો સદાય ચિદાનંદથી ભરપૂર સ્વભાવવાળો જ છે. આત્મા તો જ્ઞાન અને આનંદનું જ પદ છે, એ સિવાય કોઈ સાંસારિક સુખ-દુઃખનું પદ આત્મામાં નથી. સ્વરૂપના આનંદ સિવાય કોઈ આકુળતાને આત્મસ્વરૂપમાં સ્થાન નથી, તેમાં કોઈ પ્રકારનો ક્લેશ કે આપદા નથી. કોઈ બહારના સ્થાનમાં શાંતિ કે આનંદ નથી, ધ્રુવસ્વભાવભાવરૂપ ચૈતન્યસત્તા પોતે જ આનંદ અને શાંતિનું સ્થાન છે. આવું ચૈતન્યપદ જ સર્વોત્કૃષ્ટ છે. આચાર્યભગવાન કહે છે કે હું અતિશયપણે આ ચૈતન્યપદનો જ અનુભવ કરું છું. જગતના સર્વે જીવોને પણ આ એક જ પદ અનુભવવા યોગ્ય છે.

શુદ્ધ આત્માના અનુભવનું ફળ મોક્ષ છે એમ હવે ત્રીજા કળશમાં કહેશે.

(ક્રમશઃ) ❊

બહુગુણ-રત્નકરંડ, બ્રહ્માંડ-રમણ-બ્રહ્માંડ;
વરદ બંધુ ભરતાર, મહદંગ મહાનેતાર. ૯૦



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, જેઓ વિજ્ઞાનને જ અદ્વૈત કહે છે અને બાહ્ય પદાર્થને માનતા નથી. તેમના મતમાં દૂષણ દર્શાવે છે :—

**जदि सव्वमेव णाणं णाणारूवेहिं संठिदं एक्कं।**
**तो ण वि किं पि विणेयं णेयेण विणा कहं णाणं ॥२४७॥**

અર્થ :—જો બધીય વસ્તુ એક જ્ઞાન જ છે અને તે જ નાનારૂપથી સ્થિત છે–રહે છે તો એમ માનતાં જ્ઞેય કાંઈ પણ ન ઠર્યું, અને જ્ઞેય વિના જ્ઞાન જ કેવી રીતે ઠરશે?

ભાવાર્થ :—વિજ્ઞાનાદ્વૈતવાદી–બૌદ્ધમતી કહે છે કે—'જ્ઞાનમાત્ર જ તત્ત્વ છે અને તે જ નાનારૂપથી બિરાજે છે.' તેને કહે છે કે–જો જ્ઞાનમાત્ર છે તો જ્ઞેય કાંઈ પણ ન રહ્યું અને જ્ઞેય નથી તો જ્ઞાન કેવી રીતે કહો છો? કારણ કે જ્ઞેયને જાણે તે જ જ્ઞાન કહેવાય છે પણ જ્ઞેય વિના જ્ઞાન નથી.

જ્ઞાન પોતાના આત્માથી ભિન્ન નથી, પરંતુ પરથી ભિન્ન છે. જે જીવ, જ્ઞાનને પરથી ભિન્ન નથી માનતો અને સર્વથા અદ્વૈતરૂપ માને છે અર્થાત્ જ્ઞાન સિવાય બાહ્ય પદાર્થ છે તેને માનતો જ નથી, તે જીવોની માન્યતામાં દોષ બતાવે છે.

બાહ્ય પદાર્થ દેખાય છે, તે ભ્રમ નથી, પરંતુ સત્ છે. જ્ઞાન, સત્ છે અને તેના જ્ઞેયરૂપ પરપદાર્થ પણ સત્ છે. જ્ઞાન છે તો તેનું જ્ઞેય પણ છે. જોકે જ્ઞાનના કારણે જ્ઞેય નથી અને જ્ઞેયના કારણે જ્ઞાન નથી, તોપણ જ્ઞાનમાં જાણવાને યોગ્ય જ્ઞેયપદાર્થ તો જગતમાં સત્ છે. જ્ઞાન અને જ્ઞેય બંને પોતપોતાના કારણથી સત્ છે. જ્ઞાનમાં પરજ્ઞેય નથી અને પરજ્ઞેયોમાં જ્ઞાન નથી. બંને ભિન્ન–ભિન્ન પદાર્થ છે. જુઓ, જ્ઞાનપર્યાયને પોતાના આત્માથી તો કથંચિત્ ભિન્ન–અભિન્નપણું છે. પરંતુ પરથી તો તે સર્વથા ભિન્ન જ છે. સમસ્ત અદ્વૈત જ જ્ઞાન છે—એમ નથી. જો સમસ્ત અદ્વૈત જ્ઞાન જ હોય તો જ્ઞાનથી ભિન્ન કોઈ જ્ઞેય તો રહ્યું નહીં, તો જ્ઞેય વગરનું જ્ઞાન કેવી રીતે સિદ્ધ થશે ? માટે

ગતપ્રમાદ ગતપાસ, નરનાથ નિરાથ નિરાસ;
મહામંત્ર મહાસ્વામી, મહદર્થ મહાગતિ-ગામિ. ૯૧

જ્ઞેય, જ્ઞાનથી ભિન્ન છે.

કોઈ કહે છે કે જ્ઞેયોનું જ્ઞાન હોય છે, માટે તેમાં પણ જ્ઞાન છે. જ્ઞાનમાં વસ્ત્ર જાણવામાં આવ્યું, માટે વસ્ત્રમાં પણ જ્ઞાન છે તે વાત તેની જૂઠી છે. જડ વસ્તુમાં જ્ઞાન નથી પરંતુ તેમાં જ્ઞાનમાં જ્ઞેય થવાનો સ્વભાવ છે. તેમાં જ્ઞાન હોય તો તે જ્ઞાનનું જ્ઞેય પણ હોય–એમ છે નહીં. જ્ઞાન તો જીવનો જ સ્વભાવ છે અને જ્ઞેય તો સમસ્ત પદાર્થ છે.

જુઓ, આ સર્વજ્ઞ ભગવાન દ્વારા જાણેલ લોકના પદાર્થોનું સ્વરૂપ કહેવામાં આવે છે. આ વસ્તુસ્વરૂપને જાણ્યા વગર સાચી ભાવના હોઈ શકે નહિ.

**घडपडजडदव्वाणि हि णेयसरूवाणि सुप्पसिद्धाणि ।**
**णाणं जाणेदि जदो अप्पादो भिण्णरूवाणि ।।२४८।।**

અર્થ :—ઘટ, પટ આદિ સમસ્ત જડ દ્રવ્યો જ્ઞેયસ્વરૂપથી ભલા પ્રકારે પ્રસિદ્ધ છે અને તેમને જ્ઞાન જાણે છે તેથી તેઓ આત્માથી–જ્ઞાનથી ભિન્નરૂપ જુદાં ઠરે છે.

ભાવાર્થ : જ્ઞેયપદાર્થ-જડદ્રવ્ય, ભિન્ન-ભિન્ન આત્માથી ભિન્નરૂપ પ્રસિદ્ધ છે. તેનો લોપ કેમ કરાય ? જો ન માને તો જ્ઞાન પણ સિદ્ધ નહિ થાય, જાણ્યા વગર જ્ઞાન કોનું ?

**जं सव्वलोयसिद्धं देहं गेहादिबाहिरं अत्थं ।**
**जो तं पि णाण मण्णदि ण मुणदि सो णाणणामं पि ।।२४९।।**

અર્થ :—દેહ–મકાન આદિ બાહ્ય પદાર્થો સર્વલોક પ્રસિદ્ધ છે, તેમને પણ જો જ્ઞાન જ માનશો, તો તે વાદી જ્ઞાનનું નામ પણ જાણતો નથી.

ભાવાર્થ :—બાહ્ય પદાર્થને પણ જ્ઞાન જ માનવાવાળો જ્ઞાનનું સ્વરૂપ જ જાણતો નથી એ તો દૂર રહો, પણ જ્ઞાનનું નામ પણ જાણતો નથી. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૬ થી ચાલુ) (છઢાળા પ્રવચન)

અધિક છે, જ્ઞાનસ્વભાવની તોલે આવે એવું કોઈ વિશ્વમાં નથી. માટે હે જીવ! તું આત્માની કિંમત કર, ને બીજાની કિંમત છોડ. શરીર–પૈસા વગેરે સંયોગનો મોહ છોડ. બીજા પાસે વધુ સંયોગ દેખીને તેની બળતરા છોડ;–'આની પાસે ઘણું ને મારી પાસે થોડું'–એવી બળતરાથી દેવો પણ દુઃખી થાય છે–એ વાત દેવગતિના દુઃખમાં કહેશે. (ક્રમશઃ) ❋

મહાનાથ મહજાન, મહપાવન મહાનિધાન,
ગુણાગાર ગુણવાસ, ગુણમેરુ ગંભીર વિલાસ. ૯૨

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૯, ગાથા - ૨૦-૨૧)

## સુખનો ઉપાય : લોકાલોકપ્રકાશક આત્માને જાણ

અરે પ્રભુ ! ઘરના પાંચ માણસની જાણકારી રાખવામાં પણ કેટલી ઉપાધિ રહે છે તો આખા લોકાલોકને જાણવામાં કેટલી ઉપાધિ ? અરે ભાઈ ! એ ઉપાધિ જાણવાથી નથી. રાગ કરવાથી ઉપાધિ છે, જાણવાથી નહિ. જીવને વસ્તુના સ્વરૂપની જ ખબર નથી. જાણવું એ તો સ્વભાવ છે તેમાં ઉપાધિ શું ? અનંત પદાર્થોને જાણવા એ ઉપાધિ નથી પણ એ તો આત્માનો નિરુપાધિ સ્વભાવ છે.

જાણવામાં ઉપાધિ લાગે છે, તેને આત્માના જ્ઞાનગુણના સામર્થ્યની જ ખબર નથી. યોગદર્શનમાં કહે છે કે બુદ્ધિ અને સુખ જેનામાં નથી તે આત્મા છે. તેની આ વાત અહીં ખંડિત થાય છે. બુદ્ધિ અને સુખ જેનામાં છે તે જ આત્મા છે. જુઓ ! આત્મા....આત્મા તો બધા ધર્મોવાળા કહે છે પણ આત્મા કેવો અને કોણ તેની કોઈને સાચી ખબર નથી. પોતાની પુંજી કેટલી છે તેની જેને ખબર નથી એવા બેખબરોને આત્મા હાથ નહિ આવે.

ભગવાન આત્મા અનંત સુખસ્વરૂપ છે. જેમ ચોકીમાં મોહનથાળ ઢાળે છે તેમ પ્રભુ ! તારા આત્માની અસંખ્યપ્રદેશી ચોકીમાં અનંત આનંદના ઢાળા ઢળેલા છે તેમાં એકાગ્રતાના ભાવથી તેને અનુભવવો એ તારી તાકાત છે. ભાઈ ! કરવા જેવું તો આ છે. અસંખ્યપ્રદેશી ચોકીમાં દળદાર આનંદના ઢાળા ઢળ્યા કે જેમાં દુઃખની ગંધ નથી, રાગનો સ્પર્શ નથી. અને શરીરનો સંબંધ નથી. તારે સુખી થવું હોય તો આવા આત્માને અનુભવમાં લે !

વિકલ્પ એ તો સંયોગીભાવ છે. સંયોગીભાવે સ્વભાવભાવ જાગૃત થાય એમ ન બને. અનંત અનંત બેહદ આનંદ જેનો સ્વતઃ સ્વભાવ છે તેમાં દુઃખ દેખાય છે એ તો ક્ષણિક છે. આવું વસ્તુસ્વરૂપ બતાવીને વસ્તુમાં આનંદ નહિ માનનારા સાંખ્યમતનું ખંડન કર્યું છે.

ફરીથી કહે છે પોતાની લાયકાત પ્રમાણે જે શરીર મળ્યું છે તે શરીરપ્રમાણ આત્મા છે. શરીરપ્રમાણ હોવા છતાં શરીરથી પોતે જુદો છે. અરે પ્રભુ ! તેં તારું નિજઘર જોયું તો

કરુણામૂલ નિરંગ, મહદાસન મહારસંગ;
લોકબન્ધુ હરિકેશ, મહદીશ્વર મહદાદેશ. ૯૩

નહિ પણ પોતાના ઘરની સંતો મહિમા કરે છે તે સાંભળી પણ નહિ ! પછી આત્માનું હિત કરશું....પછી કરશું....કરતો રહ્યો અને ભવ પૂરો થઈ ગયો. શરીર પલટે, કર્મ પલટે, પુણ્ય-પાપના ભાવ પલટે, રાગ-દ્વેષ પલટે પણ વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે તે દ્રવ્યસ્વભાવ કદી પલટતો નથી. એવા તારા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કર તો ભવનો અંત આવે.

આ ગાથામાં આત્માને લોકાલોકનો જાણનાર કહેતાં યોગદર્શનનું ખંડન થયું, અનંત સૌખ્યવાન કહેતાં સાંખ્યમતનું ખંડન થયું. આત્માને શરીર પ્રમાણ કહેતાં આત્માને વડના બીજ જેવડો અત્યંત નાનો માનનાર—વટકણિકા માનનારાઓની વાતનું ખંડન થયું. તથા આત્માને નિત્ય કહેતાં એક ભવ પૂરતો આત્માને માનનાર ચાર્વાકમતનું ખંડન થયું. હવે સ્વસંવેદનની વ્યાખ્યા આગળની ગાથામાં કહેશે.

**આત્માની સિદ્ધિ માટેના સર્વ પ્રમાણોમાં સ્વસંવેદન—પ્રમાણ જ મુખ્ય છે.**

આ ઈષ્ટોપદેશ નામનું શાસ્ત્ર, દિગંબર સંત આચાર્ય પૂજ્યપાદસ્વામીએ રચ્યું છે. તેમાં ૨૧મી ગાથા ચાલે છે.

આત્માનું સ્વરૂપ કેવું છે ? તે પ્રશ્નના જવાબમાં આ ગાથા છે. આત્મા લોકાલોકને જાણનાર છે. લોકાલોક છે એ જાણ્યું કોણે ? તેનો જાણનારો આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે પહેલાં નક્કી કરવું પડશે. આત્મા શરીરપ્રમાણ છે શરીરની બહાર આત્મા વ્યાપતો નથી. આત્મા નિત્ય ટકનાર છે અને અનંત આનંદમય છે. અનંત સુખથી ભરચક ભરેલું તત્ત્વ છે. આ આત્મતત્ત્વ સ્વસંવેદનરૂપ છે. પોતાને પોતાથી જાણી શકાય એવું આત્માનું સ્વરૂપ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ આદિના નિમિત્તથી કે રાગની મંદતાથી જાણી શકાય એવું આત્માનું સ્વરૂપ નથી.

હવે શિષ્યને શંકા થાય છે કે પ્રમાણસિદ્ધ વસ્તુના ગુણગાન કરીએ તો તે બરાબર છે પણ આત્મા તો અરૂપી છે તે જ્ઞાનમાં—પ્રમાણમાં સિદ્ધ થઈ શકે એટલે કે સાબિત થઈ શકે એવું લાગતું નથી. તો જે પ્રમાણમાં સિદ્ધ થતું નથી તેના ગુણગાન શા ? ઉપર કહ્યા તેવા આત્માના વિશેષણો પ્રમાણથી સિદ્ધ થયા વિના કોના માનવા ?


શિષ્યના પ્રશ્નના જવાબમાં પૂજ્યપાદસ્વામી કહે છે કે આત્મા સ્વસંવેદન-પ્રમાણથી બરાબર જાણી શકાય છે. આત્મા જ્ઞાતા થઈને પોતાને જ જ્ઞેય બનાવીને જ્ઞાનમાં બરાબર પોતાનું સ્વરૂપ જાણી શકે છે. પુણ્ય—પાપના રાગ અને સંયોગનું જોડાણ

(જુઓ અનુસંધાન પેજ નં. ૭ ઉપર)

**મહાવિભુ મહધવવંત ધરણીધર ધરણીકંત;**
**કૃપાવંત કલિગ્રામ, કારણમય કરનવિરામ. ૯૪**




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



## મનુષ્યપણાનાં બીજાં દુઃખો

**बालपनेमें ज्ञान न लह्यो, तरुण समय तरुणी रत रह्यो।**
**अर्धमृतकसम बूढापनों, कैसे रूप लखै आपनो ॥१४॥**

એવા જીવો માંડ માંડ મનુષ્યપણું પામ્યા પણ બાળકપણું તો જ્ઞાન વગર જ ગુમાવ્યું. બાળપણનાં અનેક વર્ષો તો અણસમજણમાં, રમતગમતમાં કે લૌકિક ભણતરમાં ગુમાવે છે; એમાં આત્માને જાણવાનું ક્યાંથી સૂઝે? અત્યારે તો ઘણા છોકરાઓ પચ્ચીસ–પચ્ચીસ વરસ સુધી લૌકિક ભણતર ભણે છે,–કેટલા બધા પોથાં?–એ નકામાં થોથા ભણવામાં પચીસ વર્ષ ગાળે, પણ જો ધર્મનો અભ્યાસ કરવો હોય તો ભાઈસાહેબને ફૂરસદ જ ન મળે? ફૂરસદ હોય તોપણ ગંજીપત્તા રમવામાં, રમતગમતમાં, હરવાફરવામાં ને સીનેમા જોવામાં ગુમાવે, ને મફતનો પાપ બાંધે; પણ ધર્મનો અભ્યાસ ન કરે, કેમકે ધર્મનો એને પ્રેમ નથી. અરે, ધર્મના સંસ્કાર તો બાળપણથી જ પાડવા જેવા છે. પણ બાળપણ તો ધર્મના પ્રેમ વગર ખેલમાં ખોયું,–રમતગમતમાં જ બાલ્યકાળ ગુમાવ્યો; યુવાન થયો ત્યારે સ્ત્રી વગેરેમાં મોહ્યો ને ધન કમાવવામાં હેરાન થઈને જીંદગીનો વખત ગુમાવ્યો. પછી જ્યાં વૃદ્ધાવસ્થા આવી ને શરીરની શક્તિઓ ઘટવા માંડી, ત્યાં અધમૂઆ જેવી દશા દેખીને રોયો; એ રીતે જીંદગી હારી ગયો; પણ એમાં ક્યાંય આત્માનું સ્વરૂપ ઓળખવાનો અવસર લીધો નહિ.

મનુષ્યજન્મની યુવાનીનો કાળ–તે તો ધર્મની કમાણીનો ખરેખરો વખત છે, એવા વખતે વિષય-કષાયોમાં ડૂબીને રત્નચિંતામણિ જેવો અવસર વેડફી નાંખે છે! ભાઈ, આ મનુષ્યપણાની એકેક ઘડી મહા કિંમતી છે, લાખો-કરોડો રૂપિયા આપતાંય એની એક ઘડી મળે તેમ નથી. નાનો હોય તો દડા ઊડાડવામાં વખત ગાળે ને મોટો થાય એટલે પૈસા કમાવવામાં વખત ચાલ્યો જાય. પણ ભાઈ, ક્ષણેક્ષણે તારા જીવનનો દડો ઊડી જાય છે અને તારા આત્માની કમાણી ચુકી જવાય છે, તેની કાંઈ દરકાર ખરી? આવો અવસર વ્યર્થ ગુમાવવા જેવો નથી. આગળ કહેશે કે—

> માયાવેલિ ગયન્દ, સમ્મોહતિમિરહર-ચન્દ;
> કુમતિ નિકન્દન કાજ, દુખગજભંજન-મૃગરાજ. ૯૫

'दौल' समझ सुन चेत सयाने, काल वृथा मत खोवै;
यह नरभव फिर मिलन कठिन है, जो सम्यक नहिं होवै ।

ભાઈ, અનંતવાર મનુષ્યભવ પામ્યો પણ આત્માના જ્ઞાન વિના તે વ્યર્થ ગુમાવ્યો. યુવાનીમાં વિષયવાસનામાં ને ધનમાં એવો મોહ્યો કે બીજું કાંઈ સૂઝે નહીં! એ રીતે કિંમતી કાળ પાપમાં ગુમાવ્યો. જોકે આત્માનું હિત કરવા માંગે તો યુવાનીમાં પણ કરી શકાય છે; પણ આ તો જે દરકાર નથી કરતા એવા જીવોની વાત છે. અનંતવાર આત્માની દરકાર વગર યુવાની પાપમાં ગુમાવી, માટે આ અવસરમાં આત્માની દરકાર કરજે—એમ ઉપદેશ છે.

વૃદ્ધાવસ્થા ક્યારે આવી જાય છે તેની ખબર પણ નથી પડતી; વૃદ્ધાવસ્થા થતાં અર્ધમૃતક જેવી દશા થઈ જાય છે. દેહમાં અનેક રોગ થાય, હાલીચાલી શકાય નહિ, ખાવા-પીવામાં પરાધીનતા, ઈન્દ્રિયો કામ કરે નહિ, આંખે પૂરું દેખાય નહિ, સ્ત્રી-પુત્રાદિ પણ કહેવું માને નહિ,—અને દૃષ્ટિ તો એ બધા સંયોગો ઉપર જ પડી છે, એટલે જાણે કે જીવન હારી ગયો—એમ તે જીવ દુઃખી—દુઃખી થઈ જાય છે, પણ બાલ—યુવાન—વૃદ્ધ ત્રણે અવસ્થાથી ભિન્ન પોતાના ચૈતન્ય-સ્વરૂપને મોહી જીવ જાણતો નથી, ને આત્માના ભાન વગર મનુષ્યપણું દુઃખમાં જ ગુમાવે છે.

વૃદ્ધાવસ્થામાંય આત્માનું કલ્યાણ કરવા ધારે તો કરી શકાય છે.—'એ તો જાગ્યા ત્યાંથી સવાર.' અગાઉ તો ઘણા જીવો શરીરમાં સફેદ વાળ દેખતાં વૈરાગ્ય પામીને દીક્ષા લઈ લેતા, એવા પ્રસંગો બનતા. પણ હજી દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન પણ જ્યાં ન હોય ત્યાં દીક્ષા ક્યાંથી લ્યે? ચૈતન્યની શ્રદ્ધા ચૂકીને દેહની અનુકૂળતામાં જ મૂર્છાઈ ગયો, ને પ્રતિકૂળતા આવે ત્યાં દુઃખના ઢગલામાં જાણે દટાઈ ગયો. સંયોગથી જુદો જીવ દેખાતો જ નથી; આવા જીવો જે સંયોગમાં રહે તેનાથી બીજા કરતાં હું કાંઈક અધિક છું—એમ દેખાડવા મથે છે, સંયોગથી અધિકતા માને છે પણ—'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો!' ભાઈ! સંયોગ વધતાં તારા આત્મામાં શું વધી ગયું? પાડા અને હાથીનું શરીર ઘણું મોટું હોય છે તેથી શું તેના આત્માની અધિકતા થઈ ગઈ? ના; આત્માની અધિકતા તો જ્ઞાનસ્વભાવ વડે છે. મારો આત્મા જ્ઞાનસ્વભાવને લીધે બીજા બધાથી અધિક છે, રાગથી પણ તે અધિક છે, અધિક છે એટલે જુદો છે—એમ જેણે આત્માની અધિકતા ન જાણી, તે જીવો શરીરથી, આબરૂથી, ધનથી, કુટુંબથી, મકાનથી, પદવીથી, અવાજની મધુરતાથી કે શુભરાગથી—એમ બહારવડે પોતાની અધિકતા માને છે. અહો, જ્ઞાનસ્વભાવી આત્મા આખા વિશ્વથી

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૨ ઉપર)

પરમતત્ત્વસત સંપદા, ત્રિગુણી ત્રિકાલદર્શી સદા;
કોપદવાનલ નીર, મદનીરદહરણ સમીર. ૯૬

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૫) સંસારાનુપ્રેક્ષા

### ક્ષેત્રપરિવર્તનનું સ્વરૂપ

सव्वम्हि लोयखेत्ते कमसो ते णत्थि जे ण उप्पण्णं ।
उग्गाहणेण बहुसो परिभमिदो खेत्तसंसारे ।।२६।।

સમસ્ત લોકરૂપી ક્ષેત્રમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં આ (જીવ) ક્રમથી ઉત્પન્ન થયો ન હોય. સમસ્ત અવગાહનાઓ પ્રાપ્ત કરીને આ જીવે ક્ષેત્ર સંસારમાં અનેકવાર પરિભ્રમણ કર્યા છે.

ભાવાર્થ :—ક્ષેત્રપરિવર્તનમાં સ્વક્ષેત્રપરિવર્તન અને પરક્ષેત્રપરિવર્તનની અપેક્ષાએ બે ભેદ છે. સમસ્ત લોકાકાશમાં ક્રમથી ઉત્પન્ન થવામાં જેટલો સમય લાગે છે તે સ્વક્ષેત્ર પરિવર્તન છે અને ક્રમથી જઘન્ય અવગાહનાથી માંડીને ઉત્કૃષ્ટ અવગાહના સુધી ધારણ કરવામાં જેટલો સમય લાગે છે તેટલો પરક્ષેત્રપરિવર્તન છે. આ ગાથામાં બંને પ્રકારના ક્ષેત્રપરિવર્તનની ચર્ચા કરેલ છે. ૨૬.

### કાળપરિવર્તનનું સ્વરૂપ

अवसप्पिणिउस्सप्पिणिसमयावलियासु णिरवसेसासु ।
जादो मुदो य बहुसो परिभमिदो कालसंसारे ।।२७।।

આ જીવ અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળની સમસ્ત સમયાવલિઓમાં જન્મ્યો છે તથા મર્યો છે આ પ્રકારે એણે કાળ સંસારમાં અનેક વાર પરિભ્રમણ કર્યાં છે. ૨૭.

### ભવપરિવર્તનનું સ્વરૂપ

णिराउजहण्णादिसु जाव दु उवरिल्लया दु गेवेज्जा ।
मिच्छत्तसंसिदेम दु बहुसो वि भवट्ठिदो भमिदो ।।२८।।

મિથ્યાત્વના આશ્રયથી આ જીવે નરકના જઘન્ય આયુથી લઈ ઉપરિમ (નવમી) ગ્રૈવેયક પર્યંતની ભવસ્થિતિ ધારણ કરી અનેકવાર ભ્રમણ કર્યું છે.

ભાવાર્થ :—નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં જઘન્યથી લઈ ઉત્કૃષ્ટ આયુપર્યંતને ક્રમથી પ્રાપ્ત કરવામાં જેટલો સમય લાગે છે તેટલા સમયને ભવપરિવર્તન કહે છે. નરકગતિની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ

સાગરની છે. મનુષ્ય અને તિર્યંચગતિની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યની છે. તથા દેવગતિની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરની છે. પરંતુ મિથ્યાદ્રષ્ટિ જીવની ઉત્પત્તિ દેવગતિમાં એકત્રીસ સાગરની આયુથી યુક્ત ઉપરિમ (નવમી) ગ્રૈવેયક સુધી જ હોય છે તેથી દેવગતિમાં ભવસ્થિતિની અંતિમ સીમા ગ્રૈવેયક પર્યંત જ બતાવેલ છે. ૨૮.

**ભાવપરિવર્તનનું સ્વરૂપ**

सव्वे पयडिट्ठिदिओ अणुमागपदेसबंधठाणाणि ।
जीवो मिच्छत्तवसा भमिदो पुण भावसंसारे ।।२९।।

આ જીવે મિથ્યાત્વના વશે સમસ્ત કર્મપ્રકૃતિઓની સર્વ સ્થિતિઓ, સર્વ અનુભાગબંધસ્થાનો અને સર્વ પ્રદેશબંધસ્થાનોને પ્રાપ્ત કરી વારંવાર ભાવ સંસારમાં પરિભ્રમણ કર્યા છે.

ભાવાર્થ :—જ્ઞાનાવરણાદિ સમસ્ત કર્મ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિ બંધથી લઈ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ પર્યંતને યોગ્ય સમસ્ત કષાયાધ્યવસાયસ્થાન સમસ્ત અનુભાગા- ધ્યવસાય સ્થાન અને સમસ્ત યોગસ્થાનોની પ્રાપ્તિ કરી લેવી ભાવ સંસાર છે. એ પાંચે પરિવર્તન જ પાંચ પ્રકારના સંસાર છે. આ સંસારોમાં જીવનું પરિભ્રમણ મિથ્યાત્વને લીધે હોય છે. ૨૯.

पुत्तकलत्तणिमित्ते अत्थं अज्जयदि पापबुद्धाए ।
परिहरदि दयादाणं सो जीवो भमदि संसारे ।।३०।।

જે જીવ પુત્ર તથા સ્ત્રીના નિમિત્તે પાપબુદ્ધિથી ધન કમાય છે અને દયા-દાનનો પરિત્યાગ કરે છે તે સંસારમાં ભ્રમણ કરે છે. ૩૦.

मम पुत्ते मम भज्जा मम धणधण्णो त्ति तिव्वकंखाए ।
चइऊण धम्मबुद्धिं पच्छा परिपडदि दीहसंसारे ।।३१।।

જે જીવ, આ મારો પુત્ર છે, આ મારી સ્ત્રી છે, આ મારા ધનધાન્ય છે એવા પ્રકારની તીવ્ર આકાંક્ષાથી ધર્મબુદ્ધિને છોડે છે તે પાછળથી દીર્ઘસંસારમાં પડે છે. ૩૧.

मिच्छोदयेण जीवो णिंदंतो जोण्हभासियं धम्मे ।
कुधम्मकुलिंगकुतित्थं मण्णंतो भमदि संसारे ।।३२।।

મિથ્યાત્વના ઉદયથી આ જીવ જિનેન્દ્ર ભગવાન દ્વારા કથિત ધર્મની નિંદા કરતો થકો તથા કુધર્મ, કુલિંગ અને કુતીર્થને માનતો થકો સંસારમાં ભ્રમણ કરે છે. ૩૨.



## સ્વાનુભવની પ્રેરણા

હે જીવ! તું આત્માનો રસિયો થા. આત્મરસિક થઈને રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ કર. અનાદિથી આત્માને ભૂલીને પરનો પ્રેમ કર્યો. પરને પોતાનું માન્યું તે મોહને છોડીને હવે આત્મપ્રેમી થા. અંતર્મુખ ઉપયોગથી તારા આત્માને જો. ભાઈ! આ ઉત્તમ અવસર આવ્યો છે, આનાથી બીજો ક્યો કાળ આવવાનો છે? પ્રતિબોધનો આવો સુઅવસર મળ્યો, આવું સ્પષ્ટ ભેદજ્ઞાન સંતોએ કરાવ્યું, તો હવે અત્યારે ચૈતન્યનો રસિક થઈને મોહને છોડ, ને આત્માને ચૈતન્યસ્વરૂપે અનુભવમાં લે.

હે જીવ! આવો અવસર આવ્યો છે, માટે તું અત્યારે બીજી બધી પંચાત છોડીને આવા અનુભવનો ઉદ્યમી થા, સર્વ પ્રયત્નને આમાં જ જોડ. એકવાર આવો સ્વાનુભવ કર તો તારા સંસારથી નીવેડા આવે. સ્વાનુભવ વગર બીજા કોઈ ઉપાયથી નીવેડા આવે તેમ નથી. જગતના સંયોગથી એકવાર જુદો પડ. અંદરના વિકલ્પોથી પણ જુદો પડ ને ઉપયોગસ્વરૂપમાં જ તન્મય થઈને રહે, તો સ્વાનુભવ ને સમ્યગ્દર્શન થાય.

## સાધકની સાધનાધાર

### સુવર્ણપુરી સોનગઢનાં ભવ્ય ઇતિહાસનાં મંડાણ



જે સ્થાનકવાસી સંપ્રદાય કાનજીસ્વામીના નામથી ગૌરવ લેતો તે સંપ્રદાયમાં તેઓશ્રીના 'પરિવર્તનથી' ભારે ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ ગુરુદેવશ્રી સં. ૧૯૯૧–ઈ.સ. ૧૯૩૫ની સાલ સુધીમાં સૌરાષ્ટ્રમાં લગભગ દરેક સ્થાનકવાસીના હૃદયમાં વસી ગયા હતાં. ગુરુદેવશ્રી પાછળ સૌરાષ્ટ્ર આખું ઘેલું બન્યું હતું. તેથી 'ગુરુદેવશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે' એમ વિચારીને ધીમે ધીમે ઘણા લોકો તટસ્થ થઈ ગયા. કેટલાક લોકો સોનગઢમાં શું ચાલે છે તે જોવા આવતા, પણ ગુરુદેવશ્રીનું પરમ પવિત્ર જીવન અને અપૂર્વ ઉપદેશ સાંભળીને તેઓ ઠરી જતાં, તૂટેલો ભક્તિપ્રવાહ ફરીને વહેવા લાગ્યો. આ રીતે જેમ જેમ ગુરુદેવશ્રીનાં પવિત્ર ઉજ્જવળ જીવન તેમજ આધ્યાત્મિક ઉપદેશ વિષે લોકોમાં વાત ફેલાતી ગઈ, તેમ તેમ વધારે ને વધારે લોકોને ગુરુદેવશ્રી પ્રત્યે મધ્યસ્થતા થઈ ગઈ અને ઘણાને સાંપ્રદાયિક મોહને કારણે દબાઈ ગયેલી ભક્તિ પુનઃ પ્રગટતી ગઈ. મુમુક્ષુ અને બુદ્ધિશાળી વર્ગની તો ગુરુદેવશ્રી પ્રત્યે પહેલાંના જેવી જ પરમ ભક્તિ રહી હતી. અનેક મુમુક્ષુઓના જીવનાધાર ગુરુદેવશ્રી સોનગઢમાં જઈને રહ્યા, તો મુમુક્ષુઓનાં ચિત્ત સોનગઢ તરફ ખેંચાયો. ધીમે ધીમે મુમુક્ષુઓનાં પૂર સોનગઢ તરફ વહેવા લાગ્યાં. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સત્‌ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક મોહ તેમજ લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોનાં પૂર દિનપ્રતિદિન વેગપૂર્વક વધતાં જ ગયા.

પરિવર્તન કર્યા પછી પૂજ્ય કહાનગુરુદેવનો મુખ્ય નિવાસ સોનગઢમાં જ રહ્યો. ગુરુદેવશ્રીની હાજરીને લીધે સોનગઢ એક તીર્થધામ જેવું બની ગયું. બહારગામથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેનો ગુરુદેવશ્રીના ઉપદેશનો લાભ લેવા સોનગઢ આવવા લાગ્યા. દૂર

દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, બ્રહ્મચારીઓ વગેરે પણ આવવા લાગ્યા. બહારગામના માણસોને જમવા તથા ઉતરવા માટે ત્યાં એક જૈન અતિથિગૃહની સ્થાપના થઈ. કેટલાક ભાઈઓ તથા બહેનો ત્યાં ઘર કરીને કાયમ રહ્યાં. કેટલાક સત્સંગાર્થીઓ થોડા મહિનાઓ માટે પણ ત્યાં ઘર કરીને અવારનવાર રહેતા. બહારગામના મુમુક્ષુઓનાં ઘણાં મકાનો બંધાયા.

### શ્રી જૈન સ્વાધ્યાય મંદિરનું નિર્માણ



પૂજ્ય કહાનગુરુદેવે જે મકાનમાં પરિવર્તન કર્યું તે મકાન નાનું હતું તેથી જ્યારે ઘણા માણસો થઈ જતા ત્યારે વ્યાખ્યાન વાંચવાની અગવડ પડતી. પર્યુષણમાં તો બીજે સ્થળે વ્યાખ્યાન વાંચવા જવું પડતું. આ રીતે મકાનમાં માણસોનો સમાવેશ નહિ થતો હોવાથી ભક્તોએ સં. ૧૯૯૪ (ઈ.સ. ૧૯૩૮)માં એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાયમંદિર' રાખ્યું.

### સમયસાર અને કુંદકુંદાચાર્ય ભગવાન તથા શ્રી સીમંધર ભગવાન પ્રત્યેની ભક્તિ



પરમ પૂજ્ય અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસાર પ્રત્યે અતિશય ભક્તિ હતી તેથી જે દિવસે સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન થયું તે જ દિવસે એટલે કે સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ને રવિવાર તા. ૨૨-૫-૧૯૩૮ના રોજ સ્વાધ્યાય-મંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠા કરવામાં આવી.

શ્રી સમયસારજી પ્રતિષ્ઠાના મહોત્સવ પ્રસંગે બહારગામથી ૭૦૦ માણસો આવ્યાં હતાં. ગુરુદેવશ્રી સમયસારજીને ઉત્તમોત્તમ શાસ્ત્ર ગણે છે. સમયસારજીની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યના બધાં શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ છે.

ભવકાંતાર-કુઠાર સંશયમૃણાલઅસિધાર;
લોભશિખરનિર્ઘાત વિપદાનિશિહરણપ્રભાત. ૯૭



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—સ્વરૂપનો અનુભવ થયો ન હોય અને શુભને હેય જાણવાથી સ્વછંદી થઈ ન જાય?**

ઉત્તર :—શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી, સ્વભાવનું માહાત્મ્ય આવતાં શુભરાગનું માહાત્મ્ય છૂટી જાય છે પણ શુભરાગ છૂટતો નથી. શુભરાગ તો ભૂમિકા અનુસાર એના કાળે આવ્યા વિના રહેશે નહિ. વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વછંદતા થઈ શકે નહિ.

**પ્રશ્ન :—આ સત્ય વાત સાંભળવા છતાં અત્યારે ધર્મ ન પામે તો?**

ઉત્તર :—સત્યનું શ્રવણ આદિ રસ પૂર્વક કરે છે તેથી તેનાથી સંસ્કાર પડે છે. એ સંસ્કારથી ધર્મ પમાય છે. ભલે અત્યારે વિકલ્પ ન તૂટે તોપણ એના સંસ્કારથી આગળ વધીને ધર્મ પામે છે.

**પ્રશ્ન :—ગૃહસ્થને પુણ્ય પરિણામનો ક્ષય કરવાનું આપ કહો છો?**

ઉત્તર :—પુણ્ય પરિણામનો ક્ષય તો જ્યારે શુદ્ધોપયોગ પૂર્ણ થાય ત્યારે થાય છે, નીચલી ભૂમિકામાં પણ પરિણામનો ક્ષય થઈ શકે નહિ, પણ પુણ્યભાવ હેયરૂપ છે, ક્ષય કરવા લાયક છે એવી દૃષ્ટિ પ્રથમ કરવાની છે. પુણ્યભાવ હેય છે, ક્ષય કરવા લાયક છે તેમ નહિ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. કળશટીકામાં કહ્યું છે કે વ્યવહાર ચારિત્ર દુષ્ટ, અનિષ્ટ ને ઘાતક છે તેથી નિષિદ્ધ છે. નીચલી ભૂમિકામાં શુભભાવ આવ્યા વિના રહે નહિ પણ પ્રથમ દૃષ્ટિમાં નિષેધ થવો જોઈએ.

**પ્રશ્ન :—જીવ અત્યારે જે પુણ્ય-પાપ કરે છે તેનું ફળ ક્યારે મળે?**

ઉત્તર :—કરેલા પુણ્ય-પાપનું ફળ કોઈ જીવને આ ભવમાં પણ આવી જાય છે, ને કોઈને પછીના ભવોમાં આવે છે. કોઈને પુણ્યભાવની કે પવિત્રતાની વિશેષતાના બળે પૂર્વનાં પાપ પલટીને પુણ્યરૂપ પણ થઈ જાય છે, એ જ રીતે તીવ્ર પાપથી કોઈને પૂર્વનાં પુણ્ય પલટીને પાપરૂપ થઈ જાય છે. (આ બંધાયેલા કર્મોની અપેક્ષાએ વાત કરી.) પરિણામ અપેક્ષાએ પુણ્ય-પાપના ભાવનો ભોગવટો તો તે પરિણામ વખતે જ જીવને થતો હોય છે,

**સંવરરૂપી શિવરમણ, શ્રીપતિ શીલનિકાય;**
**મહાદેવ મનમથમથન, સુખમય સુખસમુદાય. ૯૮**

તેની મંદ-તીવ્ર આકુળતાને તે વખતે જ તે વેદે છે. કોઈ જીવ શુદ્ધતાના બળે, પૂર્વે બાંધેલા કર્મોને ફળ આવ્યા પહેલાં જ છેદી નાંખે છે.

પ્રશ્ન :—કષાયને પાતળો કરે તો અંતર્મુખ થવાય ને?

ઉત્તર :—બિલકુલ ખોટી વાત છે. સંસારને પાતળો કરે તો સંસાર રહિત થવાય? ઝેરને પાતળું કરે તો અમૃત થાય? પુણ્ય ને પાપ બન્ને બંધના કારણ છે, ઝેરરૂપ છે અમૃતથી વિરુદ્ધ ભાવ છે તેમાં બેમાંથી એકને ઠીક અને બીજાને અઠીક માનવો, શુભ ને અશુભમાં ભેદ માનવો—તફાવત માનવો, શુભ-અશુભ બેમાં કાંઈક ફેર છે એમ માનશે તો ઘોર સંસારમાં રખડશે—એમ કુંદકુંદ આચાર્ય કહે છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે, તેની સન્મુખ થવાનું સાધન એ પોતે જ છે. કષાયની મંદતા બિલકુલ સાધન નથી. કષાયની મંદતાના શુક્લલેશ્યાના ભાવ કરીને દ્રવ્યલિંગી નવમી ગ્રૈવેયક ગયો છતાં મિથ્યાત્વ છૂટ્યું નહિ.

પ્રશ્ન :—છ દ્રવ્ય સ્વરૂપ લોક તે જ્ઞેય છે. પંચ પરમેષ્ઠી ભગવાન પણ જ્ઞેયમાં આવી જાય છે તેથી જાણવા લાયક છે તેમ કહ્યું તો અમારે ભગવાનની ભક્તિ કરવી કે ન કરવી?

ઉત્તર :—ભક્તિ કરવા ન કરવાની વાત નથી પણ ભક્તિનો ભાવ જ્ઞેય હોવાથી જાણવાલાયક છે તેમ કહ્યું છે. સમયસાર ગાથા ૧૧માં એમ કહ્યું કે ભૂતાર્થ પ્રભુનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય છે. ત્રિકાળીનો આશ્રય લઈને જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેને પણ ત્રિકાળીથી ભિન્ન કહી છે ને ૧૨મી ગાથામાં કહ્યું કે સાધક થયો તેને શુદ્ધતાના અંશો થોડા થયા છે. અશુદ્ધતાના અંશો છે તેનું શું? તો કહે છે કે એ શુદ્ધ-અશુદ્ધ પર્યાય અંશો છે તે જાણવા લાયક છે.

પ્રશ્ન :—ધર્મ, અર્થ, કામ ને મોક્ષ તે દેવ આપે છે જેની પાસે જે હોય તે આપે તો તે કેવી રીતે?

ઉત્તર :—એ તો નિમિત્તથી વ્યવહારનું કથન છે, દેવ તરફના વલણવાળાને શુદ્ધતા પ્રગટે છે અને સાથે પુણ્ય બંધાય છે તેના ફળમાં કામ અને અર્થ મળે છે.

પ્રશ્ન :—આ તો સારું! ભગવાન પાસેથી બધું મળે છે?

ઉત્તર :—જેને કામ અને અર્થની સ્પૃહા છે, ભાવના છે તેને મળતું નથી પણ જેને આત્માના હિતની ભાવના છે તેને સાથે પુણ્ય બંધાય છે ને તેનું ફળ મળે છે એ વાત સમજાવી છે.

ઇતિ શ્રી સહસ-અઠોતરી, નામમાલિકા મૂલ;
અધિક કસર પુનરુક્તિ કી, કવિપ્રમાદકી ભૂલ. ૯૯



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—આત્માની નિર્વિકલ્પદશા પ્રગટ કરવા માટે શું જરૂરી છે અને તે કેવી હોય તે કૃપા કરીને કહેશો.

**સમાધાન** :—નિર્વિકલ્પદશા માટે ઉગ્ર પુરુષાર્થની જ જરૂર છે. એક જ માર્ગ છે—તું સ્વભાવ તરફ જા. વારંવાર ભેદજ્ઞાન કરવાથી સહજદશા થાય છે ત્યારે વિકલ્પ તૂટીને ઉપયોગ અંતરમાં જામી જાય છે. તે એવો જામે છે કે બહારનું બધું જ ભૂલી જાય છે. આ શરીર છે કે નહિ, વિકલ્પ છે કે નહિ તે કાંઈ રહેતું નથી. તે તો જુદી જ દુનિયામાં પ્રવેશી ગયો, આત્માની કોઈ જુદી જ દુનિયામાં આવી ગયો. તેવી દશાને અનુભૂતિ કહેવાય છે. આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે, કોઈની સાથે તેની તુલના ન થાય. આવો જે મૂળ ટકતો ભાવ છે તેમાંથી પ્રગટ થતા આનંદ, જ્ઞાન આદિ સહજ ભાવોનો અનુભવ કોઈ જુદો જ થાય છે. અનુભવ થતાં આવું કોઈ દિવસ નહોતું થયું એવું તેને લાગે છે. અપૂર્વતા એવી લાગે કે અહો! આત્માનું સ્વરૂપ કોઈ જુદું જ છે. અનુભૂતિ અંતરમાં પ્રગટે ત્યારે આત્મામાં શ્રદ્ધાનું બળ કોઈ જુદું જ આવી જાય છે. આખી દિશા જ બદલી જાય છે.

*પ્રશ્ન* :—આત્માની શોધમાં ઘણા જપ-તપ-ધ્યાન-વાંચન કર્યાં, પણ સમયસાર વાંચીને તો એમ થયું કે આ માર્ગ જુદો છે?

**સમાધાન** :—કુંદકુંદાચાર્યદેવ જાગ્યા અને આ સમયસારની રચના કરી. તેમનું આ એક સમયસાર બસ છે. તેમાં એક આત્મા-આત્માની જ વાત આવે છે. ગુરુદેવે તેના ભાવો સ્પષ્ટ કરીને મુક્તિના માર્ગને થંભાવી રાખ્યો. આ પંચમકાળના જીવો સમજે નહિ અને બીજા ધર્મમાં ખેંચાઈ જાય છે. પણ જૈનમાં બધું છે, જૈનમાં આખી યથાર્થ સ્વાનુભૂતિ ભરેલી છે.

કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં કહ્યું કે બદ્ધસ્પૃષ્ટ ભાવો ઉપર તરે છે, તારી અંદર પ્રવેશ કરતા નથી. એક શાશ્વત આત્મા છે એ જ ભૂતાર્થ છે. સમયસારમાં સ્વાનુભૂતિની કેટલી મહિમા આવે છે! પણ તેનો મર્મ ગુરુદેવે બહાર કાઢ્યો. સમયસારની અંદર હીરા પડ્યા છે, પણ તે હીરાને ઓળખાવનાર ગુરુદેવ હતા.

પરમપિંડ બ્રહ્માંડમેં, લોકશિખર નિવસંત;
નિરખિ નૃત્ય નાનારસી, બાનારસી નમંત. ૧૦૦

આત્મામાં અનંત ભાવ ભર્યા છે, તેની ચર્ચા કરતાં પાર ન પમાય. આત્મા એક, પણ તેના ભાવો અનંત, મુક્તિ માર્ગ પણ એક છે. ટૂંકમાં કહીએ તો એકમાં બધું આવી જાય છે ને વિસ્તાર કરો તો અનંત-અનંત-અનંત જેનો પાર ન આવે તેટલા ભાવો છે. શબ્દ સંખ્યાતા છે, પણ આત્માના ભાવો અનંત છે. શબ્દ અનંત થાય નહિ પણ ભાવો અનંત હોય.

દેવો સાગરોપમકાળ સુધી ચર્ચા કરે તેમાં અનંત ભાવો નીકળ્યા જ કરે. ચર્ચા કરતાં કરતાં તેમને તૃપ્તિ થતી નથી. સાગરોપમકાળ સુધી ચર્ચા કર્યા કરે તો પણ આત્માના અનંત ભાવો ખૂટતા જ નથી. ગુરુદેવ જ્યારે બોલે ત્યારે જુદા જ ભાવો કહેતા હોય એવું લાગે છે, તો અગવનની વાણીનું તો શું કહેવું!! આ ચૈતન્યદેવ અનંત ગુણરત્નાકરથી ભરેલો છે. જેના અનંત ગુણનો પાર ન આવે, તેવા ચૈતન્ય રત્નાકરદેવની તો શું વાત કરવી! તે જગતથી જુદો છે, ને સ્વાનુભૂતિ થાય ત્યારે અનુભવમાં આવે.

*પ્રશ્ન :*—સમ્યગ્દર્શનકી ભૂમિકામેં શ્રદ્ધારૂપ અનુભવ હોતા હૈ કિ વેદનરૂપ અનુભવ હોતા હૈ?

**સમાધાન :**—સમ્યગ્દર્શનકી ભૂમિકામેં માત્ર શ્રદ્ધારૂપ અનુભવ હોતા હૈ ઐસા નહીં. જ્ઞાયકકી જો ધારા ચલતી હૈ વહ શ્રદ્ધારૂપસે હી રહતી હૈ ઐસા નહીં, લેકિન અંશરૂપ વેદન આતા હૈ. જૈસા રાગ-દ્વેષકા વેદન સબ અજ્ઞાનીકો રહતા હૈ ઉસી પ્રકાર જ્ઞાયક ચૈતન્યકા વેદન જ્ઞાનીકો આતા હૈ. જૈનધર્મ સચ્ચા હૈ ઐસી વિકલ્પમેં શ્રદ્ધા કર લી ઐસા જ્ઞાનીકો નહીં હોતા, મૈં ચૈતન્ય હૂં ઐસા અંશરૂપસે વેદન આતા હૈ. જ્ઞાયકકો વહ ભૂલ નહીં જાતા, ચૈતન્ય જ્ઞાયકકા વેદન ઉનકો રહતા હૈ, પીછે કભી કભી વિકલ્પ તૂટ જાતા હૈ તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ. જ્ઞાનીકો ચૈતન્યકા પ્રત્યક્ષ વેદન હૈ. સમ્યગ્જ્ઞાન વેદનકી અપેક્ષાસે પ્રત્યક્ષ હૈ લેકિન પૂર્ણ કેવલજ્ઞાનકી અપેક્ષાસે પરોક્ષ હૈ. કેવલજ્ઞાનીકા જ્ઞાન પ્રત્યક્ષ હૈ, સમ્યગ્દષ્ટિકા જ્ઞાન પરોક્ષ હૈ; તો ભી વેદન તો પ્રત્યક્ષ હૈ. ચૈતન્યકા જૈસા સ્વરૂપ હૈ વૈસા અનંતગુણકી સબ શુદ્ધપર્યાયકા અપૂર્વ વેદન હોતા હૈ. જો અનંતકાલમેં આજ તક નહીં હુઆ ઐસા અનુપમ વેદન ચૈતન્યકા-આનંદકા હોતા હૈ. યહ આનંદકા જગતકે કોઈ પદાર્થકે સાથ મિલાન નહીં હો સકતા. ઐસા ચૈતન્યકા—આનંદકા અનુપમ સ્વાદ આતા હૈ. આત્મામેંસે પ્રગટ હુઆ જ્ઞાન, શુદ્ધરૂપ અનંત પર્યાય-પરિણતિ યહ સબ વેદનમેં આતા હૈ ઔર જબ વિકલ્પ આતા હૈ તબ ભેદજ્ઞાનકી ધારા, જ્ઞાયકકી ધારા તો હોતી હી હૈ.

**મહિમા બ્રહ્મવિલાસકી, મોપર કહી ન જાય;**
**યથાશક્તિ કછુ વરણઈ, નામકથન ગુણગાય. ૧૦૧**

## બાળ વિભાગ

## વ્રતની દ્રઢતા

### (રાજા શ્રેણિક, રાણી ચેલણા તથા અભયકુમારના પૂર્વભવ)

એકવાર રાજા શ્રેણિકની રાજધાની રાજગૃહી નગરીમાં તીર્થંકર પરમાત્મા મહાવીર પ્રભુ પધાર્યા. તેમના સમોસરણમાં જઈ રાજા શ્રેણિકે ભગવાનનો ઉપદેશ સાંભળ્યો તથા ગૌતમસ્વામીને પૂછ્યું–



''હે દેવ ! મને મારા પૂર્વભવ વિષે કહો.''

ગૌતમસ્વામીએ પોતાના દિવ્યજ્ઞાન દ્વારા જાણીને કહ્યું–

''હે શ્રેણિક ! સાંભળ ! આજથી બે ભવ પહેલા તમે ભીલ રાજા હતા, તે સમયે તમે માંસ-ત્યાગની પ્રતિજ્ઞા લીધી જેના ફળ સ્વરૂપે તમે સ્વર્ગમાં દેવ થયા, ત્યાંથી અહીં રાજા શ્રેણિક થયા છો.

પૂર્વભવમાં તમે વિંધ્યાચલમાં 'વાદિરસાર' નામના ભીલ હતા અને શિકાર કરીને માંસ ખાતા હતા. કોઈ મહાભાગ્યે તમને દિગંબર જૈન મુનિરાજના દર્શન થયા.''



મુનિરાજે કહ્યું–''માંસાહાર મહા પાપ છે, તેને તમે છોડી દો.''

ત્યારે તમે ભદ્રભાવથી કહ્યું –''પ્રભો ! માંસનો તો અમારો ધંધો છે, તેને હું હંમેશને માટે છોડી ન શકું. પરંતુ હે સ્વામી ! તમારા બહુમાન માટે હું કાગડાના માંસનો ત્યાગ કરું છું. ભલે મરણ પણ આવી જાય તો પણ હું કાગડાનું માંસ કોઈ દિવસ ખાઈશ નહીં.'' શ્રી મુનિરાજે તેમને ભવ્ય જાણીને આ પ્રતિજ્ઞા તેને આપી દીધી.

હે શ્રેણિક ! થોડા સમય પછી એવી ઘટના બની કે વાદિરસાર ભીલને કોઈ મહાભયંકર વિચિત્ર રોગ થયો, ઔષધિ દ્વારા અનેક ઉપાય કરવા છતાં પણ તે રોગ દૂર ન થયો.

''ઔષધિના રૂપમાં જો કાગડાનું માંસ ખાઈશ તો તારો રોગ મટી જશે''–એવું એક મૂર્ખ વૈદ્યે કહ્યું, પરંતુ વાદિરસાર ભીલ પોતાની પ્રતિજ્ઞામાં અડગ હતો.

તેણે કહ્યું–''મરણ થાય તો ભલે થાય, પરંતુ હું કાગડાનું માસ કદાપિ નહીં ખાઉં.''

વાદિરસારના એક મિત્ર (અભયકુમારનો જીવે) આ વાત સાંભળી અને તેને સમજાવવા માટે વાદિરસાર પાસે આવતો હતો. તે સમયે રસ્તામાં એક યક્ષદેવી ઉદાસચિત્તે બેઠેલી જોઈ. ત્યારે તે મિત્રે તેને ઉદાસીનું કારણ પૂછ્યું.

યક્ષદેવી (રાની ચેલનાનો જીવ)એ કહ્યું –''હે ભાઈ! તમે તમારા મિત્ર વાદિરસાર પાસે જાઓ છો, પણ તેને કાગડાના માંસનો ત્યાગ છે, પરંતુ જો તમે તેને દવાના રૂપમાં કાગડાનું માંસ ખાવાનું કહેશો અને સંયોગવશ તે પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઈને મરણથી બચવા માટે કાગડાનું માંસ ખાશે તો મરીને નરકમાં જશે, તેથી તેની આવી દશા જોઈને હું દુઃખી છું.''

તેણે કહ્યું ''તમે ચિંતા ન કરો, હું એવું કાંઈ કરીશ નહિ.'' આ પ્રકારે તેને આશ્વાસન આપીને, તે કુશળ મિત્ર વાદિરસાર ભીલ પાસે આવ્યો અને તેની પરીક્ષા લેવાનું વિચાર્યું અને કહ્યું — ''કાગડાનું માંસ ખાઈશ તો તારો રોગ મટી જશે. બીજી કોઈ દવા ઉપયોગી નથી.'' જ્યારે તે ન માન્યો, ત્યારે તેણે પણ દઢતાપૂર્વક કહ્યું–''ભાઈ! હઠ છોડી દો, નકામું મોત આવી જશે. એકવાર ઔષધિના રૂપમાં કાગડાનું માંસ ખાઈ લ્યો. સારા થઈ જાવ તો ફરીથી વ્રત લઈ લેજો.''

ત્યારે ભીલે મિત્રને સમજાવતા કહ્યું–''મેં મારા જીવનમાં કોઈ સત્કાર્ય કર્યું નથી જેમ-તેમ કરીને એક નાનું–વ્રત લીધું છે અને હું એવો મૂર્ખ નથી કે તેને પણ છોડી દઉં. જેને ધર્મનો થોડો પણ પ્રેમ હોય, તે મરણ અવસ્થામાં પણ વ્રતને છોડશે નહિ.''

આ પ્રમાણે તે પોતાની પ્રતિજ્ઞામાં દઢ રહ્યો. તેની દઢતા જોઈને તેનો મિત્ર પ્રસન્ન થયો અને રસ્તામાં યક્ષદેવી સાથે થયેલી બધી વાતો તેણે વાદિરસારને બતાવી કે તમારી આ પ્રતિજ્ઞાને કારણે તમે દેવ થશો.

તે સમયે માત્ર કાગડાનું માંસ છોડવાનું પણ આવું મહાન ફળ જાણીને, હે શ્રેણિક! તે ભીલ રાજાને તે દિગંબર જૈન મુનિરાજ ઉપર શ્રદ્ધા વધી ગઈ અને અહિંસા ધર્મનો ઉત્સાહ વધ્યો. તેણે જૈનધર્મના સ્વીકારપૂર્વક માંસાદિનો સર્વથા ત્યાગ કરીને અહિંસાદિ પાંચ અણુવ્રત ધારણ કર્યા અને પંચપરમેષ્ઠીની ભક્તિપૂર્વક શાંતિથી પ્રાણત્યાગ કરી, વ્રતના પ્રભાવથી તેનો આત્મા સૌધર્મ સ્વર્ગમાં દેવ થયો.''

ગૌતમસ્વામી આગળ કહે છે–''હે શ્રેણિક! તે ભીલ તમે પોતે જ છો–પછી તે દેવપર્યાયથી ચ્યવીને તમે રાજગૃહીના શ્રેણિક રાજા થયા છો અને એક ભવ પછી તમે તીર્થંકર થશો.''

ભીલના વ્રતોનું આવું મહાન ફળ જોઈને તેના મિત્રે પણ અણુવ્રત ધારણ કર્યા, તે મિત્ર પણ ત્યાંથી મરીને બ્રાહ્મણનો અવતાર લઈને અર્હદ્દાસ શેઠ પાસેથી જૈનધર્મના સંસ્કાર પ્રાપ્ત કરીને સ્વર્ગમાં ગયો અને ત્યાંથી ચ્યવીને તમારો પુત્ર અભયકુમાર થયો છે. તે તો આ જ ભવમાં જૈન મુનિ થઈને મોક્ષ પ્રાપ્ત કરશે.

શ્રેણિકે પૂછ્યું—''હે સ્વામી ! પછી તે યક્ષદેવીનું શું થયું ?''

ગૌતમસ્વામીએ કહ્યું—''હે રાજન્ ! તે યક્ષદેવી તેના પછી કેટલાક ભવ ધારણ કરી અનુક્રમથી વૈશાલીના ચેટક રાજાની પુત્રી ચેલણા થઈ છે, તે હાલમાં તમારી પટરાણી છે.''

પોતાના પૂર્વભવની વાત સાંભળીને રાજા શ્રેણિકને યથાર્થ બોધ થયો, તીર્થંકર ભગવાનની પાસે વિશેષ આત્મશુદ્ધિપૂર્વક ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ કર્યું. એટલું જ નહીં ધર્મની ઉત્તમ ભાવના વડે તેમણે તીર્થંકર નામકર્મ પણ બાંધ્યું અને ભગવાન મહાવીરના ૮૪૦૦૦ વર્ષ પછી તે આ ભરત-ક્ષેત્રમાં 'મહાપદ્મ' નામના પ્રથમ તીર્થંકર થશે.

હે ભવ્યજીવો ! જે વીતરાગતા અને અહિંસાનો ઉપદેશ જૈનધર્મ આપે છે, તેનું થોડું પણ પાલન કરવાથી પણ જ્યારે આવું મહાન ફળ પ્રાપ્ત થાય છે, તો સંપૂર્ણ વીતરાગભાવરૂપ અહિંસાનું ફળ કેટલું મહાન હશે તે સમજવું જોઈએ. માટે હે બંધુઓ ! શૂરવીર થઈને વીર ભગવાનના અહિંસાધર્મનું પાલન કરવું, તેના પાલન માટે કાયર ન થવું. મદ્ય, માંસ અને ઈંડા ખાવામાં પણ પંચેન્દ્રિય જીવોનો ઘાત છે. આવા ખાવા-પીવાવાળા હોટલમાં જિજ્ઞાસુ જીવોએ કદાપિ જવું જ ન જોઈએ. અને જૈનધર્મની વીતરાગતાના સંસ્કાર આત્મામાં વિકસિત કરવા જોઈએ, જેથી રાજા શ્રેણિકની જેમ આપણું પણ મહાન કલ્યાણ થાય.

અહો ! આ છે વિચિત્ર સંસારની વચ્ચે પણ અલિપ્ત મહાન રાજા શ્રેણિકની જ્ઞાનચેતના.

શ્રી ગૌતમસ્વામીના શ્રીમુખેથી પોતાના ભૂતકાળના ભવોનું વર્ણન સાંભળીને, રાજા શ્રેણિક વૈરાગ્યપૂર્વક પોતાના ભવિષ્યના ભવ સંબંધી તેમને પૂછે છે. જેના ઉત્તરમાં ગૌતમસ્વામી કહે છે—

''હે શ્રેણિક ! પહેલાં અજ્ઞાનદશામાં મિથ્યાત્વાદિ પાપોના સેવનવડે અને જૈનમુનિ ઉપર કરેલા ઉપસર્ગથી જે પાપનો તમે બંધ કર્યો છે તેના ફળસ્વરૂપે તમે પ્રથમ નરકમાં જશો, પરંતુ ત્યાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોવાથી તમે તમારા આત્માથી વિસ્મૃત થશો નહિ અને સોળકારણભાવના ભાવતા બીજા ભવમાં તમે આ ભરતક્ષેત્રમાં મહાપદ્મ નામના





ત્રિલોકપૂજ્ય પ્રથમ તીર્થંકર થઈને મોક્ષ પ્રાપ્ત કરશો.''

''અહો ! એક જ જીવ, એક જ ભવ પહેલા નરકનો બંધ બાંધે છે અને પછી તે જ ભવમાં તીર્થંકર નામકર્મ પ્રકૃતિનો બંધ કરે છે, જુઓ તો ખરા જીવના પરિણામની કેવી વિચિત્રતા.''

—આ પ્રમાણે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ રાજા શ્રેણિકે પોતાના સંબંધમાં એકસાથે બે વાત સાંભળી—૧. આગલા ભવમાં નરકમાં જવાનું અને ૨. તેના પછીના ભવમાં તીર્થંકર થવાનું. 'નરકમાં જવાનું અને તીર્થંકર થવાનું'—આ બંને વાત એક સાથે સાંભળીને તેમને કેવું લાગ્યું હશે ? આનંદ થયો હશે ? કે શોક થયો હશે ? ક્યાં હજારો વર્ષ સુધી નરકના ઘોરાતિઘોર અત્યંત દુઃખની વેદના ! અને ક્યાં ત્રિલોકપૂજ્ય તીર્થંકરની પદવી !

અહો ! કેવો વિચિત્ર સંયોગ છે. એક બાજુ નરકની ગતિનો ખેદ અને બીજી બાજુ તીર્થંકર પદવીનો આનંદ. પરંતુ હે ભવ્યજીવો ! તમે શ્રેણિકમાં તેવો હર્ષ કે શોક નહિ જુઓ. આ બંનેથી જુદી એક ત્રીજી અત્યંત સુંદર વસ્તુ તે જ સમયે રાજા શ્રેણિકમાં વર્તી રહી છે તેને તમે જુઓ, ત્યારે તમે ધર્માત્મા શ્રેણિકને સમજી શકશો. નહિ તો તમે શ્રેણિક પ્રતિ અન્યાય કરશો.

શું છે આ ત્રીજી વસ્તુ ! તે છે જ્ઞાનચેતના. હર્ષ-શોક બંનેથી સર્વથા અલિપ્ત, પરમ શાંત વર્તી રહી છે. તે જ્ઞાનચેતના ન તો નરકના દુઃખનું વેદન કરે છે ન તો તીર્થંકર નામકર્મની પ્રકૃતિને વેદે છે—બંને કર્મોથી ભિન્ન નિષ્કર્મ ભાવથી કર્મોથી છૂટીને પરમ શાંતિથી મોક્ષપંથને સાધી રહી છે. આ છે શ્રેણિકનું વાસ્તવિક સ્વરૂપ ! તેને સમજવું જોઈએ. ત્યારે શ્રેણિકની નરકદશા કે તીર્થંકરદશા—બંનેને સાંભળીને પણ તમે રાગ-દ્વેષથી ભિન્ન પરમ શુદ્ધ શાંત-જ્ઞાનચેતનારૂપ રહી શકશો અને મોક્ષપંથની સાધના કરી શકશો.

હર્ષ-ખેદથી પાર છે, સુંદર જ્ઞાન સ્વભાવ,
આ સ્વભાવને સાધીને, મોક્ષદશા પ્રગટાવ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૫૫ થી ૬-૧૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### * પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ *

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાંવત્સરિક ઉપકાર સ્મૃતિદિન વૈશાખ સુદ ૧૩, શનિવાર, તા. ૧૪-૫-૨૦૨૨ થી વૈશાખ વદ ૩, બુધવાર તા. ૧૮-૫-૨૦૨૨ સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

### * શ્રી સમવસરણ મંદિરનો ૮૧મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ *

વૈશાખ વદ ૬ તા. ૨૧-૫-૨૦૨૨, શનિવારના રોજ સોનગઢ શ્રી સમવસરણ મંદિર પ્રતિષ્ઠાનો ૮૧મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

### * શ્રુતપંચમી પર્વ *

જેઠ સુદ ૫, તા. ૪-૬-૨૦૨૨, શનિવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તથા સમ્યક્ત્વજયંતી મહોત્સવ સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા**

### અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આનંદોલ્લાસ સહ સંપન્ન

### પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૦મો

## ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૩-૩-૨૦૨૨ થી ૨૭-૩-૨૦૨૨ સુધી પંચદિવસીય સમારોહપૂર્વક ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

**✻ ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ✻**

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી રત્નત્રય પૂજન વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર' ઉપર સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું છઢાળા ઉપર સીડી પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ (સાંજી-ભક્તિ), ધાર્મિક શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ્રવચન તથા ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો.

**✻ પૂજ્ય બહેનશ્રીની વધાઈ ✻**

તા. ૨૭-૩-૨૦૨૨ને રવિવારના દિવસે મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ વિશેષ કાર્યક્રમમાં બધા મુમુક્ષુ ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે વઢવાણ ભજન મંડળીએ મધુર ભક્તિ-ગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ભોજન વ્યવસ્થા તથા આવાસ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી.

**શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ સહર્ષ ઊજવે છે**

**પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રસંગોનું શતાબ્દિ વર્ષ, સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન દિવસ તથા પૂજ્ય બહેનશ્રી દ્વારા ''સમયસારજી'' બિરાજમાન એવા ચાર માંગલિક પ્રસંગોનો મહોત્સવ**

**વૈશાખ વદ-૮, સોમવાર, તા. ૨૩-૫-૨૦૨૨**

અત્યંત હર્ષ ઉલ્લાસ સાથે નિવેદન કે પરમ કૃપાળુ કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે હૃદયભીની ગુરુભક્તિથી પ્રેરાઈ અમને નીચેના માંગલિક પ્રસંગો ઉજવવાનો રૂડો અવસર પ્રાપ્ત થયેલ છે.

(૧) દામનગરમાં દામોદર શેઠના હસ્તે પૂજ્ય ગુરુદેવશ્રીને પરમાગમ ''સમયસારજી'' અર્પણ થયાને ૧૦૦ વર્ષ થયા (શતાબ્દિ વર્ષ) (વિ.સં. ૧૯૭૮-ફાગણ માસ)

(૨) વીંછિયામાં વૈશાખ વદ-૮ના રોજ વિ.સં. ૧૯૭૮માં પૂજ્યશ્રીને ''ૐ''કારનાદ સંભળાયો જે ''શુદ્ધિ'' લઈને આવ્યો તે પ્રસંગના ૧૦૦ વર્ષ પૂર્ણ થશે.

(૩) વિ.સં. ૧૯૯૪, વૈશાખ વદ-૮ ના રોજ સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન થયું. તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાધ્યાયમંદિરમાં મંગળ આગમનનો ૮૫મો વાર્ષિક દિવસ

(૪) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તે પરમાગમ ''સમયસારજી''ને સ્વાધ્યાયમંદિરના ગોખલામાં બિરાજમાન કરવામાં આવ્યું. (વૈશાખ વદ-૮)

આવા ચાર ઐતિહાસિક પ્રસંગો એક સાથે ઊજવવાનો અવસર આવ્યો છે. આ ભક્તિસભર પ્રસંગમાં સામેલ થવા સમગ્ર મુમુક્ષુ સમાજને સપરિવાર પધારવા નિમંત્રણ છે.

નિમંત્રક : શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-મુંબઈના

જય જિનેન્દ્ર

## (૧૦૫)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા પૂરો.)

(૧) અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા પોતાના .................... ભાવનો કર્તા છે.

(૨) શુભ અને અશુભ પરિણામને .................... મોક્ષ થાય છે.

(૩) ..........., ................ આત્માની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે.

(૪) પરમાર્થે .................... જીવ અસંગ છે.

(૫) ..................... પરિણામ તે મોક્ષનું કારણ છે.

(૬) સુખગુણ .................. દ્રવ્યનો છે.

(૭) ...................તત્ત્વનું શું સ્વરૂપ છે અને તેનું ............. શું છે તે અજ્ઞાની જાણતો નહીં હોવાથી પુણ્યને તે ભલું જાણે છે.

(૮) ક્રોધાદિભાવ મારું કાર્ય (કર્મ) છે એમ ................. જીવ માને છે.

(૯) એક સેકંડમાં અનંત ભવનો નાશ કરી નાખવાની તાકાત ................ માં છે.

(૧૦) સંસારમાં અનંતાનંત જીવો અનંતુ દુઃખ .................. ન હોવાથી ભોગવે છે.

(૧૧) વસ્ત્રાદિકનું ગ્રહણ હોય ત્યાં ................ થઈ શકે છે પણ વસ્ત્રાદિકનું ગ્રહણ હોય ત્યાં .................... હોઈ શકે નહીં.

(૧૨) વીર્ય ગુણની પ્રગટતા ................. કર્મના અભાવથી થાય છે.

(૧૩) કર્મોના સ્વભાવને .................. કહે છે.

(૧૪) જૈન ધર્મમાં કોઈપણ જાતની શંકા ન કરવી તે જ્ઞાનીને .............. ગુણ હોય છે.

(૧૫) જીવને યોગનું કંપન ............. માં ગુણસ્થાન સુધી હોય છે.

(૧૬) નિગોદના જીવને ................. પ્રાણ હોય છે.

(૧૭) અલોકાકાશનાં પરિણમનમાં લોકાકાશના .................. નિમિત્ત હોય છે.

(૧૮) એકેન્દ્રિય જીવને ............. ........... અને ................ લેશ્યા હોય છે.

(૧૯) અવધિજ્ઞાન ................ ગતિના સંજ્ઞી જીવોને થઈ શકે છે.

(૨૦) સંસારમાં ................. ભાવવાળા જીવ સૌથી ઓછા છે.

## (૧૦૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) મુનિરાજ ................ ના ધારક છે ને ............. ના સાધક છે.

(૨) સંતોએ ................. સમજાવીને જગત પર ઉપકાર કર્યો છે.

(૩) જિનવાણી ................, .............., ............. નો નાશ કરાવે છે.

(૪) જિનવાણી .............. ............. ................ ની પ્રાપ્તિ કરાવે છે.

(૫) દરેક જીવનો સ્વભાવ ............. અને .............. રૂપ છે.

(૬) શરીર વગર ................ ભગવંતો પરમ ................ છે.

(૭) ..................... સમ રોગ નહીં.

(૮) પોતાની ................ થી જીવ દુઃખી છે.

(૯) આત્માની સાચી સમજણ કરવાથી ................. ભાંગે ને ........... મટે.

(૧૦) પોતાની ................ થી જીવ હેરાન થાય છે.

(૧૧) ................. જીવને હેરાન કરતા નથી.

(૧૨) અજ્ઞાનતાને કારણે જીવ ............... થી માંડીને ............... ગ્રૈવેયક સુધી ભટક્યો.

(૧૩) જીવને સંસારમાં ઝાઝો કાળ ................. માં જ વીત્યો.

(૧૪) જીવ શરીરથી જુદો સદા ............... રૂપ જ રહ્યો છે.

(૧૫) ઈંડામાં ................ જીવ છે તેનું ભક્ષણ ............... છે.

(૧૬) સિદ્ધદશા આત્માના ............. થી ભરેલી છે.

(૧૭) નરકાદિમાં તીવ્ર ................. નું દુઃખ છે.

(૧૮) સિદ્ધ ભગવંતો અને નિગોદિયા જીવો એક જગ્યામાં ................. રહે.

(૧૯) ચાર ગતિમાં ઓછામાં ઓછા જીવ ................. ગતિમાં છે.

(૨૦) મનુષ્યના ઉપરાઉપરી ..................... ભવ થઈ શકે.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન એપ્રિલ– ૨૦૨૨ના ઉત્તર

(૧) નેમિનાથ
(૨) શુક્લ
(૩) ઉત્તમ
(૪) ચંદ્રપ્રભુ
(૫) રાજગૃહિ
(૬) ૭૮
(૭) અસ્તિત્વ
(૮) ૪૦
(૯) ૧૧ થી ૧૪
(૧૦) સુપાર્શ્વ
(૧૧) બે હજાર સાગર
(૧૨) ૫
(૧૩) ૮
(૧૪) ૮૪
(૧૫) પીત
(૧૬) વિપરીત
(૧૭) ગર્ભજ
(૧૮) ૧૦૧
(૧૯) નિમિત્ત - નૈમિત્તિક
(૨૦) સંયોગસિદ્ધ

## બાળકો માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ – ૨૦૨૨ના ઉત્તર

(૧) એક – અચેતન
(૨) પુદ્ગલ – અમૂર્ત
(૩) અનુભવ
(૪) જીવ – અજીવ
(૫) સ્વરૂપ – મિથ્યાત્વ
(૬) શરીર – રાગ
(૭) ઉપયોગ
(૮) આત્મા
(૯) મિથ્યાત્વ – સમ્યક્ત્વ
(૧૦) આત્મા – સર્વજ્ઞ
(૧૧) આનંદધામ
(૧૨) શરીર – રાગ
(૧૩) સમ્યક્ત્વ – ચારિત્ર
(૧૪) જીવ – અજીવ
(૧૫) જડ – આત્મા
(૧૬) અત્યંત
(૧૭) ચૈતન્ય
(૧૮) જીવ – શરીર
(૧૯) ચેતન
(૨૦) આત્મા – ભિન્ન

સંવત સોલહસો નિવે, શ્રાવણ સુદિ આદિત્ય;
કરનક્ષત્ર તિથિ પંચમી, પ્રગટ્યો નામ કવિત્ત. ૧૦૨ (સમાપ્ત)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પોતાને આત્મા જ્ઞાનપ્રત્યક્ષ થયો હોય, રાગથી ભિન્ન પડી જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્યાં વેદન થયું હોય, આનંદનું જ્યાં વેદન થયું હોય, અને જ્ઞાનમાં એ આત્મા પરની અપેક્ષા વિના પ્રત્યક્ષ જણાયો હોય, જાણનારને પોતાને આત્મા પ્રત્યક્ષ થયો હોય—વેદનમાં આવ્યો હોય એ પ્રત્યક્ષ સહિત અનુમાનથી બીજાને જાણી શકે. પરંતુ જેને પ્રત્યક્ષ થયો જ નથી, એવા બીજાઓ વડે કેવળ અનુમાનથી જણાવાયોગ્ય આત્મા નથી. ૫૧૦.

● કોઈ જીવને દુઃખ થાય એ હોય નહિ. બધા જીવો પરમાનંદ સ્વરૂપ છે. જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છે. એના સ્વભાવમાં દુઃખ ક્યાં છે ? ભાઈ ! ઊંધી શ્રદ્ધા કરતા પર્યાયમાં તને દુઃખ થશે, સત્યની પ્રરૂપણા કરતા એ ન રુચે અને તને દુઃખ થાય એ અમે ઈચ્છીએ નહિ. માફ કરજે ભાઈ ! અહાહા ! આવો મારગ છે. કોઈ પણ જીવ એકેન્દ્રિયથી માંડીને તે જ ભવે સિદ્ધ થનાર બધા જીવો પરમાનંદ સ્વરૂપ આત્મા છે. પછી કોનો અનાદર હોય ! મને દુઃખ થાય તો એ ન ગમે તેમ બીજાને દુઃખ થાય એ પણ કેમ ઈચ્છીએ ! ઊંધી શ્રદ્ધા—પ્રરૂપણા કરીને દુઃખી થાય એને કેમ અનુમોદાય ? સાધુપણાની ભગવાને કહેલી સત્ય પ્રરૂપણા થતાં અઠ્ઠાવીસ મૂળગુણ ચોક્ખા ન હોય ને છેદાય એને સાધુ કહેવાય નહિ. દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ—એવી સત્ય પ્રરૂપણાથી કોઈને દુઃખ થાય એમ ન હો ! ભાઈ ! ઘાસનું તણખલું જરા વાગે તોપણ દુઃખ થાય તો મિથ્યા શ્રદ્ધાના કેટલા દુઃખ તને થાય ? એ કેમ અનુમોદાય ? સૌ આત્માને શાંતિ... શાંતિ... શાંતિ થાવ. અહીં અમારે તો કોઈનો વિરોધ નથી. કોઈ અમારો વિરોધ કરતું નથી. બધા આત્મા દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છે. વિરોધતાનો ભાવ પોતાને નુકસાન કરે છે, બીજાને નહિ અને અવિરોધતાનો ભાવ પણ પોતાને લાભ કરે છે. બીજાને નહિ. અહાહા ! આત્મા તો સર્વથી ઉદાસ, ઉદાસ, ઉદાસ છે. ૫૧૧.

● જ્ઞાયકભાવ છે તે શુભાશુભભાવે થતો નથી. જે જ્ઞાયકભાવ છે તે જડભાવે થતો નથી. જાણનાર ચૈતન્યતત્ત્વ, નહિ જાણનાર એવા પુણ્ય—પાપતત્ત્વરૂપે થતું નથી. —એમ કહીને કહેવું છે કે તું આત્માનો અનુભવ કરી શકીશ કેમકે જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. ભલે રાગાદિ અનાદિના હો પણ આત્મા તે—રૂપે કદી થયો નથી ને થશે નહિ તેથી તેનો તને અનુભવ થઈ શકશે. ૫૧૨.

આત્મધર્મ
મે-૨૦૨૨
અંક-૯ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-5-2022
Posted on 1-5-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org